અર્ધમાગધી ભાષા

મેટ્રીક ૧૯૪૦

(મુંબઈ વિદ્યાપીઠ)

નો

ગદ્યપદ્ય સંગ્રહ

અને તેનું

ગુજરાતી સાર્થ ભાષાન્તર

ભાષાન્તરકારઃ-ઉષાકાન્ત એલ. ધોળકીયા.

બી. એ. (ઑનર્સ)

પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ—સૂરત.

અર્ધમાગધી ભાષા

મેટ્રીક ૧૯૪૦

(મુંબઈ વિદ્યાપીઠ)

નો

ગદ્યપદ્ય સંગ્રહ

અને તેનું

ગુજરાતી સાર્થ ભાષાન્તર

ભાષાન્તરકાર:—ઉષાકાન્ત એલ. ધોળકીયા.

બી. એ. (ઑનર્સ)

પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ—સૂરત.

: પ્રકાશક :
ઉમાકાન્ત એલ. ધોળકીયા
પ્રોપ્રાયટરી હાઈસ્કુલ, સુરત.

: મુદ્રક :
ગણપતરાવ નારાયણરાવ નીકમ
નારાયણરાવ એલ. નીકમ એન્ડ સન્સ,
શ્રી 'શંકર' પ્રિન્ટિંગ પ્રેસ, ચૌટાપુલ–સુરત

વ્હાલાં વિદ્યાર્થી ભાઇબ્હેનોને—

તમારી પાસે આ નાની પુસ્તિકાદ્વારા આવતાં મને ઘણો હર્ષ થાય છે. ભારે કિંમતનાં પુસ્તકો પાછળ આપણને નાણાંનો વ્યય કરવો પડે તો કેળવણી કેટલી ખરચાળ થઈ જાય છે, તેનો આધુનિક કેળવણી સુંદર ખ્યાલ આપે છે. તો તમારા સૌના સહકારની આશાએ આ પ્રયત્નભરી હિંમત કરવા મેં પગલું ભર્યું છે. જો આ પરિશ્રમને ઉત્તેજન મળશે, તો હવેનાં વર્ષોથી પૂર્ણ સુંદર માર્ગદર્શન અર્ધમાગધી ભાષા પરત્વે લખવા વિચાર છે.

પાઠ્યપુસ્તકમાં બને તેટલી શુદ્ધિ જાળવવા પ્રયત્ન કર્યો છે. આ વેળા પૂર્વાપર સંબંધના અભાવે પાઠ્યપુસ્તકની રચના કેટલીકવાર ક્લિષ્ટ થઈ ગઈ છે, જેથી સાર્થ ભાષાન્તર આપી તેને બને તેટલું સરળ કરવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે, તે સુજ્ઞ વિદ્યાર્થીઓ જોઈ શકશે.

છેવટે મારી શાળાનાં અર્ધમાગધી ભાષા લેનાર ભાઇબ્હેનોનો અપૂર્વ ઉત્સાહ જો મારી સાથે ન હોત તો આ આશા કદાચ અનેરી આશાજ રહી જાત. તેમનો ઉપકાર તો મારે ભૂલવો જ ન જોઈએ.

'શંકર' મુદ્રણાલયના કલાકારોએ આ કામને પોતાનું જ સમજી જે અથાગ શ્રમ ઉપાડ્યો હતો તે તો કદાપિ મારાથી વિસરાશે નહિ.

છેલ્લે છેલ્લે મારા મિત્ર શ્રી જે. એ. દેસાઈ, બી. એ; એસ. ટી. સી. એ મને આ કાર્યમાં યોગ્ય સૂચન આપી જે પ્રેરણા આપી છે તે તો ભવિષ્યના પ્રયત્નોમાં પણ મને નવો ઉત્સાહ પ્રેરશે. તેમનું ઋણ તો મિત્રઋણ કહેવાય, એટલે શું લખું?

આશા છે કે વિદ્યાર્થીઓ આ નાની પુસ્તિકાનો સત્કાર કરશે.

આ પુસ્તિકા સ્હેજ મોડી બહાર પડે છે, તો કેટલાકે બીજું પુસ્તક લઈ લીધું હશે; તો તેમને માટે ભાષાન્તર માત્રનીજ છુટી પ્રતો છપાવી છે, તો તેનો લાભ લેવા સૌને વિનતી છે.

પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ
સૂરત:
૧લી ઑગષ્ટ ૧૯૩૯

ઉમાકાન્ત એલ. ધોળકીયા

१ जन्नइज्जं

माहण-कुल-संभूओ आसि विप्पो महा-यसो ।
जायाई जम-जन्नंमि जयघोसे त्ति नामओ ॥ १ ॥
इन्दिय-ग्गाम-निग्गाही मग्ग-गामी महा-मुणी ।
गामाणुग्गामं रीयन्तो पत्तो वाणारसिं पुरिं ॥ २ ॥
वाणारसीए बहिया उज्जाणंमि मणोरमे ।
फासुए सेज्ज-संथारे तत्थ वासमुवागए ॥ ३ ॥
अह तेणेव कालेणं पुरीए तत्थ माहणे ।
विजयघोसे त्ति नामेण जन्नं जयइ वेयवी ॥ ४ ॥
अह से तत्थ अणगारे मास-क्खमण-पारणे ।
विजयघोसस्स जन्नंमि भिक्खस्सट्ठा उवट्ठिए ॥ ५ ॥
समुवट्ठियं तहिं सन्तं जायगो पडिसेहए ।
"न हु दाहामि ते भिक्खं भिक्खू जायाहि अन्नओ ॥ ६ ॥
जे य वेय-विऊ विप्पा जन्नट्ठा य जे दिया ।
जोइसंग-विऊ जे य जे य धम्माण पारगा ॥ ७ ॥
जे समत्था समुद्धत्तुं परमप्पाणमेव य ।
तेसिं अन्नमिणं देयं भो भिक्खू सव्व-कामियं" ॥ ८ ॥
सो तत्थ एवं पडिसिद्धो जायगेण महा-मुणी ।
न वि रुट्ठो न वि तुट्ठो उत्तमट्ठ-गवेसओ ॥ ९ ॥
नन्नट्ठं पाण-हेउं वा न वि निव्वाहणाय वा ।
तेसिं विमोक्खणट्ठाए इणं वयणमब्बवी ॥ १० ॥
"न वि जाणसि वेय-मुहं न वि जन्नाण जं मुहं ।
नक्खत्ताण मुहं न जं च धम्माण वा मुहं ॥ ११ ॥
जे समत्था समुद्धत्तुं परमप्पाणमेव य ।
न ते तुमं वियाणासि अह जाणासि तो भण" ॥ १२ ॥
तस्सक्खेव-पमोक्खं तु अ वेयन्तो तहिं दिओ ।
स-परिसो पंजली होउं पुच्छई तं महा-मुणिं ॥ १३ ॥

"वेयाणं च मुहं बूहि, बूहि जन्नाण जं मुहं ।
नक्खत्ताण मुहं बूहि, बूहि धम्माण वा मुहं ॥ १४ ॥
जे समत्था समुद्धत्तुं परमप्पाणमेव य ।
एयं मे संसयं सव्वं साहू कहसु पुच्छिओ" ॥ १५ ॥

"अग्गिहोत्त-मुहा वेया जन्नट्ठी वेयसं मुहं ।
नक्खत्ताण मुहं चन्दो धम्माण कासवो मुहं ॥ १६ ॥
जहा चन्दं गहाईया चिट्ठन्ते पंजली उडा ।
वन्दमाणा नमंसन्ता उत्तमं मणहारिणो ॥ १७ ॥

अ-जाणगा जन्न-वाई विज्जा-माहण-संपया ।
गूढा सज्झाय-तवसा भास-च्छन्ना इवग्गिणो ॥ १८ ॥
जो लोए बंभणो वुत्तो अग्गी व महिओ जहा ।
सया कुसल-संदिट्ठं तं वयं बूम माहणं ॥ १९ ॥

जो न सज्जइ आगन्तुं पव्वयन्तो न सोयई ।
रमये अज्ज-वयणंमि तं वयं बूम माहणं ॥ २० ॥
जायरूवं जहा मट्ठं निद्धन्त-मल-पावगं ।
राग-दोस भयाईयं तं वयं बूम माहणं ॥ २१ ॥

तवस्सियं किसं दन्तं अवचिय-मंस-सोणियं ।
सु-व्वयं पत्त-निव्वाणं तं वयं बूम माहणं ॥ २२ ॥
तस-पाणे वियाणेत्ता संगहेण य थावरे ।
जो न हिंसइ ति-विहेण तं वयं बूम माहणं ॥ २३ ॥

कोहा वा जइ वा हासा लोहा वा जइ वा भया ।
मुसं न वयई जो उ तं वयं बूम माहणं ॥ २४ ॥
चित्तमन्तमचित्तं वा अप्पं वा जइ वा बहुं ।
न गिण्हइ अ-दत्तं जो तं वयं बूम माहणं ॥ २५ ॥

दिव्व-माणुस-तेरिच्छं जो न सेवइ मेहुणं ।
मणसा काय-वक्केणं तं वयं बूम माहणं ॥ २६ ॥

जहा पोमं जले जायं नोवलिप्पइ वारिणा ।
एवं अ-लित्तं कामेहि तं वयं बूम माहणं ॥ २७ ॥
अ-लोलुयं मुहा-जीविं अणगारं अ-किंचणं ।
अ-संसत्तं गिहत्थेसु तं वयं बूम माहणं ॥ २८ ॥

जहित्ता पुव्व-संजोगं नाइ-संगे य बंधवे ।
जो न सज्जइ भोगेसु तं वयं बूम माहणं ॥ २९ ॥
पसु-बन्धा सव्व-वेया य जट्ठं च पाव कम्मुणा ।
न तं तायन्ति दुस्सीलं कम्माणि बलवन्ति हि ॥ ३० ॥

न वि मुण्डिएण समणो न ओंकारेण बंभणो ।
न मुणी रण्ण-वासेणं कुस-चीरेण तावसो ॥ ३१ ॥
समयाए समणो होइ बंभचेरेण बंभणो ।
नाणेण उ मुणी होइ तवेण होइ तावसो ॥ ३२ ॥

कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ॥ ३३ ॥
एए पाउकरे बुद्धे जेहिं होइ सिणायओ ।
सव्व-कम्म-विणिमुक्कं तं वयं बूम माहणं ॥ ३४ ॥

एवं-गुण-समाउत्ता जे भवन्ति दिउत्तमा ।
ते समत्था उ उद्धत्तुं परमप्पाणमेव य " ॥ ३५ ॥
एवं तु संसए छिन्ने विजयघोसे य माहणे ।
समादाइ तयं तं तु जयघोसं महा-मुणिं ॥ ३६ ॥

तुट्ठे य विजयघोसे इणमुदाहु कयंजली ।
" माहणत्तं जहा-भूयं सुट्ठु मे उवदंसियं ॥ ३७ ॥

तुब्भे जइया जन्नाणं तुब्भे वेयविऊ-विऊ ।
जोइसंग-विऊ तुब्भे तुब्भे धम्माण पारगा ॥ ३८ ॥
तुब्भे समत्था उद्धत्तुं परमप्पाणमेव य ।
समणुग्गहं करेहम्हं भिक्खेणं भिक्खु-उत्तमा " ॥ ३९ ॥

"न कज्जं मज्झ भिक्खेणं खिप्पं निक्खमसू दिया ।
मा भमिहिसि भयावट्टे घोरे संसार-सागरे ॥ ४० ॥
उवलेवो होइ भोगेसु अ-भोगी नोवलिप्पई ।
भोगी भमइ संसारे अ-भोगी विप्पमुच्चई ॥ ४१ ॥
उल्लो सुक्को य दो छूढा गोलया मट्टियामया ।
दो वि आवडिया कुड्डे जो उल्लो सोऽत्थ लग्गई ॥ ४२ ॥
एवं लग्गन्ति दुम्मेहा जे नरा काम-लालसा ।
विरत्ता उ न लग्गन्ति जहा से सुक्क-गोलए" ॥ ४३ ॥
एवं से विजयघोसे जयघोसस्स अन्तिए ।
अणगारस्स निक्खन्तो धम्मं सोच्चा अणुत्तरं ॥ ४४ ॥
खवित्ता पुव्व-कम्माइं संजमेण तवेण य ।
जयघोस-विजयघोसा सिद्धिं पत्ता अणुत्तरं ॥ ४५ ॥

२ असंखयं

अ-संखयं जीविय मा पमायए। जरोवणीयस्स हु नत्थि ताणं।
एवं वियाणाहि जणे पमत्ते। कन्नु विहिंसा अ-जया गहिन्ति ॥१॥
जे पाव--कम्मेहि धणं मणूसा। समाययन्ती अ-मइं गहाय।
पहाय ते पास-पयट्टिए नरे। वेराणुबद्धा नरयं उवेन्ति ॥२॥
तेणे जहा सन्धि-मुहे गहीए। स-कम्मुणा किच्चइ पाव-कारी।
एवं पया पेच्च इहं च लोए। कडाण कम्माण न मुक्ख अत्थि ॥३॥
संसारमावन्न परस्स अट्ठा। साहारणं जं च करेइ कम्मं।
कम्मस्स ते तस्स वेय-काले। न बन्धवा बन्धवयं उवेन्ति ॥४॥
वित्तेण ताणं न लभे पमत्ते। इमम्मि लोए अदुवा परत्था।
दीव-प्पणट्ठे व अणन्त-मोहे। नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥५॥
सुत्तेसु यावी पडिबुद्ध-जीवी। न वीससे पण्डिए आसु-पन्ने।
घोरा मुहुत्ता अ-बलं सरीरं। भारुण्ड पक्खी व चरऽप्पमत्ते ॥६॥

चरे पयाइं परिसंकमाणो । जं किंचि पासं इह मन्नमाणो ।
लाभन्तरे जीविय वूहइत्ता । पच्छा परिन्नाय मलावधंसी ॥७॥
छन्दं-निरोहेण उवेइ मोक्खं । आसे जहा सिक्खिय-वम्मधारी ।
पुव्वाइं वासाइं चरऽप्पमत्ते । तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥८॥
स पुव्वमेवं न लभेज्ज पच्छा । एसोवमा सासय-वाइयाणं ।
विसीयई सिढिले आउयंमि । कालोवणीए सरीरस्स भेए ॥९॥
खिप्पं न सक्केइ विवेगमेउं । तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोगं समया महेसी । अप्पाण-रक्खी चर अप्पमत्तो ॥१०॥
मुहुं मुहुं मोह-गुणे जयन्तं । अणेग-रूवा समणं चरन्तं ।
फासा फुसन्ती अ-समंजसं च । न तेसु भिक्खू मणसा पउस्से ॥११॥
मन्दाय फासा बहु लोहणिज्जा । तह-प्पगारेसु मणं न कुज्जा ।
रक्खिज्ज कोहं विणएज्ज माणं । मायं न सेवेज्ज पहेज्ज लोहं ॥१२॥
जेऽसंखया तुच्छा पर-प्पवाई । ते पिज्ज-दोसाणुगया परज्झा ।
एए अहम्मे त्ति दुगुंछमाणो । कंखे गुणे जाव सरीर-भेओ ॥१३॥

३ चित्तसंभूइज्जं

जाई-पराजिओ खलु कासि नियाणं तु हत्थिणपुरम्मि ।
चुलिणीए बंभदत्तो उववन्नो पउमगुम्माओ ॥ १ ॥
कंपिल्ले संभूओ चित्तो पुण जाओ पुरिमतालम्मि ।
सेट्ठि-कुलम्मि विसाले धम्मं सोऊण पव्वइओ ॥ २ ॥
कंपिल्लम्मि य नयरे समागया दो वि चित्त-संभूया ।
सुह-दुक्ख-फल-विवागं कहिन्ति ते एक्कमेक्कस्स ॥ ३ ॥
चक्कवट्टी महिड्ढिओ बंभदत्तो महायसो ।
भायरं बहु-माणेणं इमं वयणमब्बवी ॥ ४ ॥
"आसि मो भायरो दो वि अन्नमन्न-वसाणुगा ।
अन्नमन्नमणूरत्ता अन्नमन्न-हिएसिणो ॥ ५ ॥

दासा दसण्णे आसी मिया कालिञ्जरे नगे ।
हंसा मयंग-तीरे सोवागा कासि भूमिए ॥ ६ ॥
देवा य देव-लोगम्मि आसि अम्हे महिड्ढिया ।
इमा नो छट्ठिया जाई अन्नमन्नेण जा विणा" ॥ ७ ॥
"कम्मा नियाण-पयडा तुमे राय विचिन्तिया ।
तेसिं फल-विवागेण विप्पओगमुवागया" ॥ ८ ॥
"सच्च-सोय-प्पगडा कम्मा मए पुरा कडा ।
ते अज्ज परिभुञ्जामो किं नु चित्ते वि से तहा" ॥ ९ ॥
"सव्वं सुचिण्णं सफलं नराणं कडाण कम्माण न मोक्ख अत्थि ।
अत्थेहि कामेहि य उत्तमेहिं आया ममं पुण्ण-फलोववेए ॥१०॥
जाणासि संभूय महाणुभागं महिड्ढियं पुण्ण फलोववेयं ।
चित्तं पि जाणाहि तहेव रायं इड्ढि जुई तस्स वि य प्पभूया ॥११॥
महत्थ-रूवा वयणप्प-भूया गाहाणुगीया नर-संघ-मज्झे ।
जं भिक्खुणो सील-गुणोववेया इहं जयन्ते समणो म्हि जाओ" ॥१२
"उच्चोदए महु कक्के य बंभे पवेइया आवसहा य रम्मा ।
इमं गिहं चित्त धण-प्पभूयं पसाहि पंचाल-गुणोववेयं ॥ १३ ॥
नट्टेहि गीएहि य वाइएहिं नारीजणाहिं परिवारयन्तो ।
भुञ्जाहि भोगाइ इमाइ भिक्खू मम रोयए पव्वज्जा हु दुक्खं" ॥१४॥
तं पुव्व-नेहेण कयाणुरागं नराहिवं काम-गुणेसु गिद्धं ।
धम्मस्सिओ तस्स हियाणुपेही चित्तो इमं वयणमुदाहरित्था ॥१५॥
"सव्वं विलवियं गीयं सव्वं नट्टं विडंबियं ।
सव्वे आभरणा भारा सव्वे कामा दुहावहा ॥ १६ ॥
बालाभिरामेसु दुहावहेसु न तं सुहं काम-गुणेसु रायं ।
विरत्त-कामाण तवोधणाणं जं भिक्खुणं सील-गुणे रयाणं ॥१७॥
नरिन्द जाई अहमा नराणं सोवाग-जाई दुहओ गयाणं ।
जहिं वयं सव्व जणस्स वेस्सा वसीय सोवाग-निवेसणेसु ॥१८॥

तीसे जाईइ उ पावियाए वुच्छा मु सोवाग-निवेसणेसु।
सव्वस्स लोगस्स दुगुंछणिज्जा इहं तु कम्माइ पुरे-कडाइं ॥१९॥
सो दाणि सिं राय महाणुभागो महिड्ढिओ पुण्ण-फलोववेओ।
चइत्तु भोगाइ अ-सासयाइं आदाण-हेउं अभिनिक्खमाहि ॥२०॥
इह जीविए राय अ-सासयम्मि धणियं तु पुण्णाइ अ-कुव्वमाणो।
से सोयई मच्चु-मुहोवणीए धम्मं अ-काऊण परम्मि लोए ॥२१॥
जहेह सीहो व मियं गहाय मच्चू नरं नेइ हु अन्त-काले।
न तस्स माया व पिया व भाया कालम्मि तम्मंसहरा भवन्ति॥२२॥
न तस्स दुक्खं विभयन्ति नाइओ न मित्त-वग्गा न सुया न बन्धवा।
एक्को सयं पच्चणुहोइ दुक्खं कत्तारमेव अणुजाई कम्मं ॥२३॥
चेच्चा दुपयं चउप्पयं च खेत्तं गिहं धण-धन्नं च सव्वं।
स-कम्म-बीओ अ-वसो पयाइ परं भवं सुन्दर पावगं वा ॥२४॥
तं एक्कगं तुच्छ-सरीरगं से चिई-गयं दहिय उ पावगेणं।
भज्जा य पुत्ता वि य नायओ य दायारमन्नं अणुसंकमन्ति ॥२५॥
उवणिज्जई जीवियमप्पमायं वण्णं जरा हरइ नरस्स रायं।
पंचाल-राया वयणं सुणाहि मा कासि कम्माइ महालयाइं" ॥२६॥
"अहं पि जाणामि जहेह साहू जं मे तुमं साहसि वक्कमेयं।
भोगा इमे संग-करा हवन्ति जे दुज्जया अज्जो अम्हारिसेहिं ॥२७॥
हत्थिणपुरम्मि चित्ता दट्ठूणं नरवइं महिड्ढियं।
काम-भोगेसु गिद्धेणं नियाणमसुहं कडं ॥ २८ ॥
तस्स मे अ-पडिक्कन्तस्स इमं एयारिसं फलं।
जाणमाणो वि जं धम्मं काम-भोगेसु मुच्छिओ ॥ २९ ॥
नागो जहा पंक-जलावसन्नो दट्ठुं थलं नाभिसमेइ तीरं।
एवं वयं काम-गुणेसु गिद्धा न भिक्खुणो मग्गमणुव्वयामो" ॥३०॥
"अच्चेइ कालो तुवरन्ति राई न यावि भोगा पुरिसाण निच्चा।
उविच्च भोगा पुरिसं चयन्ति दुमं जहा खीण-फलं व पक्खी ॥३१॥

जइ तं सि भोगे चइउं अ-सत्तो अज्जाइ कम्माइ करेहि रायं ।
धम्मे ठिओ सव्व-पयाणुकंपी तो होहिसी देवो इओ विउव्वी ॥३२॥
न तुज्झ भोगे चइऊण बुद्धी गिद्धो सि आरंभ-परिग्गहेसु ।
मोहं कओ एत्तिय विप्पलाओ गच्छामि रायं आमन्तिओ सि" ॥३३॥
पंचाल-राया वि य बंभदत्तो साहुस्स तस्सा वयणं अकाउं ।
अणुत्तरे भुञ्जिय काम-भोगे अणुत्तरे सो नरए पविट्ठो ॥ ३४ ॥
चित्तो वि कामेहि विरत्त-कामो उदग्ग-चारित्त-तवो महेसी ।
अणुत्तरं संजमं पालइत्ता अणुत्तरं सिद्धि-गइं गओ ॥३५॥

४ उसुयारिज्जं

देवा भवित्ताण पुरे भवम्मी केई चुया एग-विमाण-वासी ।
पुरे पुराणे उसुयार-नामे खाए समिद्धे सुर-लोग-रम्मे ॥ १ ॥
स-कम्म-सेसेण पुरा-कएणं कुलेसुदग्गेसु य ते पसूया ।
निव्विण्ण-संसार-भया जहाय जिणिन्द-मग्गं सरणं पवन्ना ॥२॥
पुमत्तमागम्म कुमार दो वि पुरोहिओ तस्स जसा य पत्ती ।
विसाल-कित्ती य तहोसुयारो रायऽत्थ देवी कमलावई य ॥३॥
जाई-जरा-मिच्चु-भयाभिभूया बहिं-विहाराभिनिविट्ठ-चित्ता ।
संसार-चक्कस्स विमोक्खणट्ठा दट्ठूण ते काम-गुणे विरत्ता ॥४॥
पिय-पुत्तगा दोन्नि वि माहणस्स स-कम्म-सीलस्स पुरोहियस्स ।
सरित्तु पोराणिय तत्थ जाइं तहा सुचिण्णं तव-संजमं च ॥५॥
ते काम-भोगेसु अ-सज्जमाणा माणुस्सएसुं जे यावि दिव्वा ।
मोक्खाभिकंखी अभिजाय-सड्ढा तायं उवागम्म इमं उदाहु ॥६॥
"अ-सासयं दट्ठु इमं विहारं बहु-अन्तरायं न य दीहमाउं ।
तम्हा गिहंसि न रइं लहामो आमन्तयामो चरिस्सामु मोणं" ॥७॥
अह तायगो तत्थ मुणीण तेसिं तवस्स वाघाय-करं वयासी ।
"इमं वयं वेय-विओ वयन्ति जहा 'न होई अ-सुयाण लोगो' ॥८॥

अहिज्ज वेए परिविस्स विप्पे पुत्ते परिट्ठप्प गिहंसि जाया।
भोच्चाण भोए सह इत्थियाहिं आरण्णगा होह मुणी पसत्था" ॥९॥
सोयग्गिणा आय-गुणिन्धणेणं मोहाणिला पज्जलणाहिएणं।
संतत्त-भावं परितप्पमाणं लालप्पमाणं बहुहा बहुं च ॥१०॥
पुरोहियं तं कमसोऽणुणिन्तं निमन्तयन्तं च सुए धणेणं।
जह-क्कमं काम-गुणेहि चेव कुमारगा ते पसमिक्ख वक्कं ॥११॥
"वेया अहीया न भवन्ति ताणं भुत्ता दिया निन्ति तमंतमे णं।
जाया य पुत्ता न भवन्ति ताणं को नाम ते अणुमन्नेज्ज एयं ॥१२॥
खणमेत्तसोक्खा बहु-काल-दुक्खा पगाम-दुक्खा अ-निकाम-सोक्खा
संसार-मोक्खस्स विपक्ख-भूया खाणी अणत्थाण उ काम-भोगा ॥
परिव्वयन्ते अनियत्त-कामे अहो य राओ परितप्पमाणे।
अन्न-प्पमत्ते धणमेसमाणे पप्पोइ मच्चुं पुरिसे जरं च ॥१४॥
इमं च मे अत्थि इमं च नत्थि इमं च मे किच्चमिमं अ-किच्चं।
तं एवमेवं लालप्पमाणं हरा हरन्ति त्ति कहं पमाए" ॥१५॥
"धणं पभूयं सह इत्थियाहिं सयणा तहा काम-गुणा पगामा।
तवं कए तप्पइ जस्स लोगो तं साहीणमिहेव तुब्भं" ॥१६॥
"धणेण किं धम्म-धुराहिगारे सयणेण वा काम-गुणेहि चेव।
समणा भविस्सामु गुणोहधारी बहिं-विहारा अभिगम्म भिक्खं" ॥
"जहा य अग्गी अरणीउऽसन्तो खीरे घयं तेल्लमहा तिलेसु।
एमेव जाया सरीरम्मि सत्ता संमुच्छई नासइ नावचिट्ठे" ॥१८॥
"नो इन्दिय-गेज्झ अमुत्त-भावा अमुत्त-भावा वि य होइ निच्चो।
अज्झत्थ-हेऊ निययस्स बन्धो संसार-हेउं च वयन्ति बन्धं ॥१९॥
जहा वयं धम्ममयाणमाणा पावं पुरा कम्ममकासि मोहा।
ओरुज्झमाणा परिरक्खियन्ता तं नेव भुज्जो वि समायरामो ॥२०॥
अब्भाहयम्मि लोगम्मि सव्वओ परिवारिए।
अमोहाहिं पडन्तीहिं गिहंसि न रइं लभे" ॥२१॥

"केण अब्भाहओ लोगो केण वा परिवारिओ ।
का वा अमोहा वुत्ता जाया चिन्तावरो हुमि" ॥ २२ ॥
"मच्चुणऽब्भाहओ लोगो जराए परिवारिओ ।
अमोहा रयणी वुत्ता एवं ताय वियाणह ॥ २३ ॥
जा जा वच्चइ रयणी न सा पडिनियत्तई ।
अहम्मं कुणमाणस्स अफला जान्ति राइओ ॥ २४ ॥
जा जा वच्चइ रयणी न सा पडिनियत्तइ ।
धम्मं कुणमाणस्स सफला जन्ति राइओ" ॥ २५ ॥
"एगओ संवसित्ताणं दुहओ सम्मत्त-संजुया ।
पच्छा जाया गमिस्सामो भिक्खमाण कुले कुले" ॥ २६ ॥
"जस्सत्थि मच्चुणा सक्खं जस्स चत्थि पलायणं ।
जो जाणे 'न मरिस्सामि' सो हु कंखे 'सुए सिया' ॥ २७ ॥
अज्जेव धम्मं पडिवज्जयामो जहिं पवन्ना न पुणब्भवामो ।
अणागयं नेव य अत्थि किंची सद्धा-खमं णे विणइत्तु रागं' ॥२८॥
"पहीण-पुत्तस्स हु नत्थि वासो वासिट्ठी भिक्खायरियाइ कालो ।
साहाहि रुक्खो लहए समाहिं छिन्नाहि साहाहि तमेव खाणुं ॥२९॥
पंखा-विहूणो व्व जहेह पक्खी भिच्च-विहूणो व्व रणे नरिन्दो ।
विवन्न-सारो वणिओ व्व पोए पहिण-पुत्तो मि तहा अहं पि" ॥३०॥
"सुसंभिया काम-गुणा इमे ते संपिण्डिया अग्ग-रस-प्पभूया ।
भुंजामु ता काम-गुणे पगामं पच्छा गमिस्सामु पहाण-मग्गं" ॥३१॥
"भुत्ता रसा भोइ जहाइ णे वओ न जीवियट्ठा पजहामि भोए ।
लाभं अलाभं च सुहं च दुक्खं संचिक्खमाणो चरिस्सामि मोणं" ॥
"मा हू तुमं सोयरियाण संभरे जुण्णो व हंसो पडिसोय-गामी ।
भुंजाहि भोगाइ मए समाणं दुक्खं खु भिक्खायरिया-विहारो" ॥
"जहा य भोइ तणुयं भुयंगो निम्मोयणिं हेच्च पलेइ मुत्तो ।
एमेए जाया पयहन्ति भोए ते हं कहं नाणुगमिस्समेक्को ॥३४॥

छिन्दित्तु जालं अबलं व रोहिया मच्छा जहा कामगुणे पहाय ।
धोरेय-सीला तवसा उदारा धीरा हु भिक्खायरियं चरन्ति" ॥३५॥
"नहे व कुञ्चा समइक्कमन्ता तयाणि जालाणि दलित्तु हंसा ।
पलेन्ति पुत्ता य पई य मज्झं ते हं कहं नाणुगमिस्समेक्का" ॥३६॥
पुरोहियं तं स-सुयं स-दारं सोच्चाऽभिनिक्खम्म पहाय भोए ।
कुडुंबसारं विउलुत्तमं च रायं अभिक्खं समुवाय देवी ॥३७॥
"वन्तासी पुरिसो रायं न सो होइ पसंसिओ ।
माहणेण परिच्चत्तं धणं आदाउमिच्छसि ॥ ३८ ॥
सव्वं जगं जइ तुहं सव्वं वावि धणं भवे ।
सव्वं ते अ-पज्जत्तं नेव ताणाय तं तव ॥ ३९ ॥
मरिहिसि रायं जया तया वा मणोरमे काम-गुणे विहाय ।
एक्को हि धम्मो नरदेव ताणं न विज्जई अन्नमिहेह किं चि ॥४०॥
नाहं रमे पक्खिणि पंजरे वा संताण-छिन्ना चरिस्सामि मोणं ।
अ-किंचणा उज्जु-कडा निरामिसा परिग्गहारंभ-नियत्त-दोसा ॥
दवग्गिणा जहा रण्णे उज्झमाणेसु जन्तुसु ।
अन्ने सत्ता पमोयन्ति राग-दोस-वसं गया ॥ ४२ ॥
एवमेव वयं मूढा काम-भोगेसु मुच्छिया ।
डज्झमाणं न बुज्झामो राग-दोसग्गिणा जगं ॥ ४३ ॥
भोगे भोच्चा वमित्ता य लहु-भूय-विहारिणो ।
आमोयमाणा गच्छन्ति दिया काम-कमा इव ॥ ४४ ॥
इमे य बद्धा फन्दन्ति मम हत्थज्जमागया ।
वयं च सत्ता कामेसु, भविस्सामो जहा इमे ॥ ४५ ॥
सामिसं कुललं दिस्स बज्झमाणं निरामिसं ।
आमिसं सव्वमुज्झित्ता विहरिस्सामि निरामिसा ॥ ४६ ॥
गिद्धोवमाउ नच्चाणं कामे संसार-वड्ढणे ।
उरगो सुवण्ण-पासे व्व संकमाणो तणुं चरे ॥ ४७ ॥

नागो व्व बन्धणं छित्ता अप्पणो वसहिं वए ।
एयं पत्थं महाराय उसुयारि त्ति मे सुयं" ॥ ४८ ॥

चइत्ता विउलं रज्जं काम-भोगे य दुच्चए ।
निव्विसया निरामिसा निन्नेहा निप्परिग्गहा ॥ ४९ ॥

सम्मं धम्मं वियाणित्ता चेच्चा काम-गुणे वरे ।
तवं पगिज्झऽहक्खायं घोरं घोर-परक्कमा ॥ ५० ॥

एवं ते कमसो बुद्धा सव्वे धम्म-परायणा ।
जम्म-मच्चु-भउव्विग्गा दुक्खस्सन्त-गवेसिणो ॥ ५१ ॥

सासणे विगय-मोहाणं पुव्विं भावण-भाविया ।
अचिरेणेव कालेण दुक्खस्सन्तमुवागया ॥ ५२ ॥

राया सह देवीए माहणो य पुरोहिओ ।
माहणी दारगा चेव सव्वे ते परिनिव्वुडा ॥ ५३ ॥

ભાષાન્તર

પદ્યવિભાગ

૧. યજ્ઞ પરત્વે—

૧ જયઘોષ નામનો બ્રાહ્મણકુળમાં જન્મેલો એક યશસ્વી બ્રાહ્મણ મુનિ હતો, અને સંયમરૂપી યજ્ઞનો યાજ્ઞિક હતો.

૨ એક ગામથી બીજે ગામ ફરતા ફરતા, પોતાના ઇંદ્રીય સમુદાયને અંકુશમાં રાખતા અને મુક્તિપથ ઉપર ચાલતા ચાલતા તે મહામુનિ વાણારસી નગરમાં આવી પહોંચ્યા.

૩ વાણારસીની બહાર સુંદર ઉદ્યાનમાં તેમને એક પવિત્ર શૈયા અને સાદરી રહેવાને માટે મળ્યાં.

૪ હવે તેજ વખતે વિજયઘોષ નામનો વેદનો જ્ઞાતા બ્રાહ્મણ તે શહેરમાં યજ્ઞ કરતો હતો.

૫ હવે પેલા મુનિ પોતાના માસિક ઉપવાસ છોડવાને માટે પેલા વિજયઘોષના યજ્ઞ પાસે ભિક્ષાર્થે આવી પહોંચ્યા.

૬ પણ પેલા યાજ્ઞિકે તેની પાસે આવેલા પેલા મુનિને અટકાવી કહ્યું, "હે મુનિ, હું આપને ભિક્ષા આપીશ નહિ. બીજે કશે માંગી લો.

૭–૮ જે બ્રાહ્મણો વેદમાં કુશળ, જીવનનાં ધ્યેય તરીકે જેમણે યજ્ઞ કર્મ સ્વીકાર્યું હોય, જેવો જ્યોતિષમાં પ્રવીણ હોય, ધાર્મિક પારંગતતા મેળવી હોય, જેઓ પોતાને તેમજ અન્યને બચાવવા શક્તિમાન હોય તેમનેજ, હે મુનિ, આવી ઉત્તમ ભિક્ષા અપાય છે."

૯ યાજ્ઞિકે આમ અટકાવ્યા છતાં પણ પેલા મહામુનિ ન ગુસ્સે થયા કે ન ખુશ થયા, કારણ તેઓ ઉત્તમ હેતુનાજ શોધક હતા.

૧૦ અન્નને માટે નહિ, પીણાં માટે નહિ, પોતાના નિભાવ ખાતર પણ નહિ, પણ મુક્તિને કાજે તેઓ બોલ્યા,

११-१२ "તમે વેદના સિદ્ધાન્તો, ઉત્તમ યજ્ઞ, મુખ્ય તારામંડળ કે ઉત્તમ ધર્મ એ કશુંજ જાણતા નથી. તમે પોતાનો બચાવ પણ કરી શકતા નથી કે બીજાનો પણ બચાવ નથી કરી શકતા. જો તમે આ બધું જાણતા હો તો બોલો."

૧૩ પણ પોતાના ઉપર થયેલા આ આક્ષેપનો ઉત્તર નહિ જડવાથી પોતાની આખી પરિષદ સાથે હાથ જોડીને પેલા યાજ્ઞિકે મહામુનિને પૂછયું.

૧૪-૧૫ "અમને વેદની મુખ્ય વસ્તુ, ઉત્તમ યજ્ઞ, મુખ્ય તારામંડળ અને ઉત્તમ ધર્મ, તથા બીજાંને તેમજ પોતાને કેમ બચાવવાં તે સર્વ અમને કહો. હે મહામુનિ, આપને પૂછાયલી આ શંકાનું આપ કૃપા કરી નિવારણ કરો.

૧૬ (મુનિએ ઉત્તર આપ્યો). "અગ્નિહોત્રનું પવિત્ર મુખ એ વેદનો મુખ્ય સિદ્ધાન્ત છે, ચન્દ્ર એ મુખ્ય તારામંડળ છે, અને કાશ્યપ એ ઉત્તમ ધર્મ છે.

૧૭ જેવી રીતે તારા મંડળો વગેરે ચંદ્ર ઉપર અવલંબે છે તેમ અંજલિ ધરીને સુંદર દેવતાઓ કાશ્યપને વંદન કરતા અને પૂજતા હોય છે.

૧૮ બ્રાહ્મણની સંપત્તિરૂપ મહાજ્ઞાનથી જેઓ અજ્ઞાત છે, અને જેઓ ધાર્મિક અધ્યયન અને તપથી લિપ્ત રહે છે તેવા યજ્ઞના વાહીઓ રાખથી ભારેલા અગ્નિ જેવા છે.

૧૯ જે લોકોમાં બ્રાહ્મણ તરીકે ઓળખાય છે અને અગ્નિની પેરે પૂજાય છે અને ડાહ્યા પુરુષો જેનો નિર્દેશ કરે છે તેને જ અને બ્રાહ્મણ કહીએ છીએ.

૨૦ જે પોતાના સંસારી જીવથી પર છે, સાધુ જીવનથી જેને કંટાળો નથી, આવતો અને બુદ્ધિમાન પુરુષોનાં વચનમાં જે આનંદ લે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૧ જે નિર્મળ સોના જેમ પોતાનાં પાપ અને અપવિત્રતા દૂર કરી રાગ, અનાદર, અને ભયથી પર છે તેને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૨ જે તપ કરે છે, સંયમ પાળે છે, જેણે પોતાનાં લોહી માંસ નિવાર્યાં છે, જે પોતાનાં વ્રતનાં પાલનમાં અતિ દૃઢ હોય છે, અને પૂર્ણ શાન્તિને પ્રાપ્ત કરી હોય છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૩ જે ચેતન અને અચેતન જીવોના ભેદ જાણીને ત્રણે રીતથી તેની હિંસા નથી કરતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૪ જે ક્રોધ, આનંદ, લોભ કે ભયમાં કદાપિ અસત્ય નથી બોલતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૫ જે થોડું યા ઘણું, ચેતન યા અચેતન કંઈ પણ તેને નથી આપવામાં આવતું તે નથી લેતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૬ જે મન, વચન અને કર્મ વડે દિવ્ય માનવ કે નીચ જોડે વિષય વાસનાનાં સુખ નથી ઇચ્છતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૭ જેવી રીતે કમળ પાણીમાં થાય છે, છતાં તેનાથી જરા પણ ખરડાતું નથી તેવી રીતે જે માણસ સુખથી ખરડાતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૮ જે લોભી નથી, ભિક્ષાર્થી છે, અનગાર છે, અકિંચન છે અને ગૃહસ્થ નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨૯ પોતાના પૂર્વજો જોડેનો જેણે સંબંધ તજી દીધો છે, પોતાનાં સ્નેહીજનો તરફ મમતા છોડી છે અને સુખને વળગી રહેતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૩૦ દરેક વેદમાં પશુબંધન તો છેજ, અને યજ્ઞ આ રીતે પાપીકૃત્યો દ્વારા કરાય છે. આવાં કૃત્યો યાજ્ઞિકને બચાવતાં નથી કારણ તેનાં કૃત્યો બલવંત હોય છે.

૩૧ કોઈપણ મુંડન કરાવવાથી મુનિ થઈ શકતો નથી, કે ૐકારનો પવિત્ર ઉચ્ચાર કરવાથી કોઈ બ્રાહ્મણ થઈ શકતો નથી, કે જંગલમાં રહેવાથી કોઈ સાધુ થઈ શકતો નથી કે કુશ ઘાસનાં વસ્ત્રો પહેરવાથી કોઈ તપસ્વી નથી થઈ શકતો.

૩૨ સરખાપણામાંથી મુનિ થઈ શકાય છે. બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય છે, જ્ઞાનથી સાધુ થવાય છે અને તપથી તપસ્વી થવાય છે.

૩૩ કર્મો દ્વારાજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, કે શુદ્ર મનુષ્ય બને છે.

૩૪ મહાવીર સ્વામીએ આમ કહ્યું છે, અને આવાજ ગુણોથી પૂર્ણ મુનિ થવાય છે. જે પોતાનાં સર્વ કર્મોથી મુક્ત છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૩૫ આવા ગુણોથી વિભુષિત થયેલા બ્રાહ્મણો પોતાને તેમજ બીજાંને બચાવવા શક્તિમાન છે."

૩૬ અને પછી બ્રાહ્મણ વિજયઘોષે પોતાની શંકાનું નિવારણ થયાથી જયઘોષને મહામુનિ તરીકે સ્વીકાર્યા.

૩૭ પછી આનંદ પામી હાથ જોડી વિજયઘોષ બોલ્યો, "મને ખરૂં બ્રાહ્મણત્વ આજે સમજાયું છે.

૩૮ આપ ખરા યજ્ઞના યજ્ઞાર્થી છો, આપજ વેદના જ્ઞાતાઓમાં પણ પ્રખર જ્ઞાતા છો, અને તારામંડળ તથા ધર્મના પ્રવીણ જ્ઞાતા છો.

૩૯ આપજ પોતાને તેમજ અન્યને બચાવવાને શક્તિમાન છો. હે ઉત્તમમુનિ, માટે ભિક્ષા સ્વીકારી અમારા ઉપર કૃપા કરો."

૪૦ (જયઘોષે ઉત્તર આપ્યો) "મારે ભિક્ષા જોડે કશો સંબંધ નથી. હે બ્રાહ્મણ, શીઘ્ર સંસાર ત્યાગ કર. તારે ભયના વંટોળવાળા ભયંકર સંસારસાગરમાં અટવાવું ન જોઇએ.

૪૧ ભોગવિલાસ અપવિત્ર છે. જે ભોગવિલાસથી પર છે તે અપવિત્ર નથી, અને જે ભોગ ભોગવે છે તે સંસારમાં ભટકે છે, અને તેમાંથી છૂટે છે તે મુક્તિ પામે છે.

૪૨ એક ભીનો અને એક સુકો એમ બે માટીના ગોળા જો આપણે ફેંકીએ, અને દિવાલ ઉપર અફાળીએ, તો માત્ર જે ભીનો હોય છે તેજ ચોંટે છે.

૪૩ તેવી જ રીતે માણસ શૂન્ય અને ભોગવિલાસી હોય છે તેઓ (દુનિયાદારીને) વળગે છે, પણ પેલા સુક્કા ગોળાની પેઠે રાગમુક્ત કદાપિ વળગતા નથી.

૪૪ આ પ્રમાણે ઉત્તમ ધર્મ સાંભળીને અણગાર મુનિ જયઘોષને હસ્તે પેલા વિજયઘોષે દીક્ષા લીધી.

૪૫ સંયમ અને તપથી પોતાનાં પૂર્વ કર્મો ખંખેરીને વિજયઘોષ તથા જયઘોષ મહાસિદ્ધિને પામ્યા.

૨. સંસારની અપવિત્રતા પરત્વે—

૧ હે પ્રમાદી, જીવન અપવિત્ર છે. ધર્મ પ્રત્યે બેદરકાર ન થા. ખરે, જે વૃદ્ધ થયો છે તેને ધર્મપાલનની શક્તિ નથી. માટે વિચાર કે હિંસાવાદી અને અસંયમીને કઇ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

૨ સંસારની જાળમાં સપડાઇને દુષ્ટ માણસો પાપી કૃત્યો વડે ધન મેળવે છે, પણ તેને છોડીને પોતાનાં વેરબંધનની સાથેજ નર્કમાં પડવું પડે છે.

૩ જેવી રીતે બાકોરાંમાં સપડાયેલો પાપી ચોર પોતાનાં કર્મ વડેજ નાશ પામે છે, તેવીજ રીતે માનવજાત પણ પોતાનાં કર્મ વડેજ આ સંસારમાં નાશ પામે છે, અને તે કર્મોમાંથી તે છૂટી શકતી નથી.

૪ સંસારમાં રહીને માણસ બીજા માટે યા સામાન્ય માટે કર્મો કરે છે તેનાં ફળ ભોગવતી વખતે તેનાં સ્નેહીજનો સ્નેહીજન તરીકે વર્તતાં નથી.

૫ પ્રમાદી માણસ ધનવડે આલોક યા પરલોકમાં રક્ષણ મેળવી શકતો નથી. માણસે પોતાનું તેજ ગુમાવ્યું હોય તેની પેઠે તેને મન ખરો રસ્તો જોવો તે અનંત અજ્ઞાનને લઇને ન જોયા બરાબર છે.

૬ જ્યારે બીજા નિદ્રાધીન હોય ત્યારે જાગીને પણ ચંચળ બુદ્ધિમાન પુરુષે બેદરકાર ન બનવું જોઇએ. કારણ વહેતી પળો ભયંકર છે અને શરીર નિર્બળ છે, માટે ભારંડ પક્ષીની પેઠે વિચક્ષણ બનવું જોઇએ.

૭ સાધુએ ભયની શંકાઓ જોઈ પોતાના માર્ગ પર જવું જોઈએ, અને સામાન્ય ક્ષતિ સંસારનાં બંધન તરીકે ગણવી જોઈએ. પૂર્ણજ્ઞાન મેળવ્યા સુધી પોતાનાં જીવનને ટકાવી અને પછી બધું યોગ્ય જાણીને તેણે પોતાની અપવિત્રતા દૂર કરવી જોઈએ.

૮ શિક્ષિત અને સજ્જ અશ્વની પેઠે સાધુ પોતાની ઇચ્છાપર અંકુશ મેળવી મુક્તિ મેળવે છે. જીવનની શરૂમાંજ વિચક્ષણ થવું જોઇએ જેથી સાધુ તરતજ મુક્તિ મેળવી શકે છે.

૯ જો તે શરૂમાંજ આવો સંયમ નથી કેળવી શકતો તો તે ધીરે ધીરે કેળવી શકે આવો જીવનની સ્થિરતાનો સિદ્ધાન્ત છે. આમ છતાં પણ જો તે સંયમ નથી કેળવી શકતો તો તેનું જીવન શિથિલ થાય છે અને મૃત્યુને વશ થાય છે.

૧૦ સત્વર કોઈપણ વિવેક કેળવી શકતો નથી. માટે ઉદ્યમી બનો, ભોગવિલાસનો ત્યાગ કરો, આખા સંસારને સરખો ગણો, અને પોતાનું રક્ષણ કરી, પ્રમાદથી મુક્ત રહી મહામુનિ બનો.

૧૧ મોહની અસર વારંવાર દબાવ્યા છતાં પણ અને સંયમનું પાલન કર્યા છતાં પણ જુદા જુદા ભોગવિલાસી પદાર્થો સાધુ ઉપર હુમલો કર્યાજ કરે છે. સાધુએ મનમાં પણ આને ધિક્કારવા ન જોઇએ.

૧૨ અને આવા ભોગવિલાસી પદાર્થો ઘણા મંદ અને અત્યંત આકર્ષક છે. તેણે આની તરફ પોતાનું મન દોરવવું ન જોઇએ. તેણે ક્રોધનો ત્યાગ કરવો જોઇએ, અભિમાન દબાવવું જોઇએ, કપટ ન કરવું જોઇએ અને લોભનો ત્યાગ કરવો જોઇએ.

૧૩ બીજા સિદ્ધાન્તોના તુચ્છ અને અપવિત્ર વિભાગો રાગ અને તિરસ્કારને વશ હોઈ સંયમથી વિમૂખ હોય છે. "તેઓ અધાર્મિક હોય છે", આમ તેને અવગણીને સાધુએ પોતાના શરીરના અંત સુધી સદ્‌ગુણોની ઇચ્છા કરવી જોઈએ.

૩. ચિત્તસંભૂયની વાત-

૧-૨ તેનાં નીચ કૂળથી પરાજિત થઇને હસ્તિનાપૂરમાં સંભૂયે પોતાના યોગ્ય બદલાની ઇચ્છા કરી. (ચક્રવર્તી રાજા થવાની). પઉમગુમ્મમાંથી પછી તે ચુલિનીને પેટે કંપીલનગરમાં બંભદત્ત (ચક્રવર્તી રાજા) તરીકે જન્મ્યો. પણ ચિત્ત તો પુરિમતાલ નગરમાં એક ઉંચાં વેપારીકુટુંબમાં જન્મ્યો. ત્યાં ધર્મનું શ્રવણ કરીને તેણે દીક્ષા લીધી.

૩ અને ચિત્ત અને સંભૂય કંપિલનગરમાં સાથે આવતાં પોતાનાં સારાંનરસાં કર્મોનાં ફળની પરસ્પર વાતો કરી.

૪ શક્તિશાળી અને યશસ્વી ચક્રવર્તી બંભદત્તે અભિમાનપૂર્વક આગલા જન્મના પોતાના ભાઈ-પેલા મુનિને આ પ્રમાણે કહ્યું.

૫ "પહેલાં આપણે ભાઇઓ હતા. આપણે પરસ્પર નમ્ર, પ્રેમાળ હતા, એકબીજાનું કલ્યાણ ઇચ્છતા.

૬ દસણ્ણ દેશમાં આપણે દાસ હતા, કાલિંજર પર્વત ઉપર આપણે મૃગ હતા, ગંગાના શુષ્ક કિનારા ઉપર આપણે હંસ હતા અને કાશીના પ્રદેશ ઉપર આપણે સોવાગ ચાંડાલ હતા.

૭ પછી (બીજાભવમાં) આપણે દૈવી લોકમાં મહા દેવતા હતા. આ આપણે છઠ્ઠો અવતાર છે જેમાં આપણે અન્યોન્ય સાથે નથી."

૮ (મુનિએ જવાબ આપ્યો). "હે રાજા, તમે કર્મોના વિચાર કરો છો. આ કર્મોથી (સારાં) તો તમને તમારા તપની ઇચ્છિત વસ્તુ મળી હોત. કર્મોનાં ફળને લીધેજ આપણે નસીબે પરસ્પર વિયોગ પડેલો છે."

૯ (રાજાએ કહ્યું) "પહેલાં તો હું સત્ય અને પવિત્ર કર્મોજ કરતો, અને હું તેનાં ફળ ભોગવું છું. હવે શું ચિત્ત (પૂર્વભવનો) પણ તેવીજ રીતે ફળ ભોગવે છે?"

૧૦ (મુનિએ જવાબ આપ્યો) "માણુસનાં પ્રત્યેક સારાં કર્મોથી ફળ મળે છે. અને કરેલાં કર્મોથી કોઈ છૂટી શકતું નથી. વૈભવ અને ઉત્તમ વિલાસ ને લઈને મારા આત્માને તેના ગુણનું ફળ મળ્યું છે.

૧૧ હે સંભૂય, તમે તમને તેજસ્વી, શક્તિશાળી, અને ગુણોનાં ફળથી વિભૂષિત માનો છો. પણ હે રાજા, ચિત્તને પણ તેમજ સમજો. તેની પાસે પણ વિપૂલ સંપત્તિ અને ભવ્યતા છે.

૧૨ કોઈ ગહન અર્થવાળું ગીત અને કેટલાક શબ્દો માણુસોની પરિષદમાં ગવાયા હતા. સીલ અને ગુણથી વિભૂષિત થયેલા સાધુઓ આ પ્રમાણે કરે છે, અને આ સાંભળીને હું સાધુ થયો છું."

૧૩ (રાજાએ કહ્યું) "ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બંભ એ મારા ભવ્ય મહાલયો છે. હે ચિત્ત, પંચાલની પ્રસિદ્ધ વસ્તુઓના સંગ્રહ કર્તા અને ધનાઢ્ય એવા મારા આ મહાલયોનો સ્વીકાર કરો.

૧૪ હે મુનિ, નૃત્ય અને સંગીતથી વીંટળાઇને તમે આનો ઉપભોગ કરો બાકી દીક્ષાને તો હું દુ:ખજ ગણું છું"

૧૫ જેને પૂર્વભવના સ્નેહને લઇ તે ચાહતા અને જે વિષય સુખને વશ હતો એવા રાજાને તે ધાર્મિક અનુવૃત્તિવાળા ચિત્તે આ પ્રમાણે વચનો કહ્યાં.

૧૬ "સઘળું સંગીત એ મિથ્યા પ્રલાપ છે, નૃત્ય એ મશ્કરી છે, બધાં આભૂષણો ભારરૂપ છે, એ બધાં સુખો દુ:ખ કરે છે.

૧૭ હે રાજા, જે વિષયથી પર છે, તપથી સમૃદ્ધ છે અને શુદ્ધ ચારિત્ર્યને આધીન છે એવા સાધુઓ જે સુખને મેળવે છે તે સુખ વિષય સુખમાંથી, અજ્ઞાનીને પ્રિય અને દુ:ખકર સંગોગોમાંથી નથી મળતું.

૧૮ હે રાજા, સોવાગ ચંડાલનું કુળ જેમાં આપણે બે વાર જન્મ્યા હતા તે માનવીમાં નીચામાં નીચું કુળ ગણવામાં આવે છે. આપણે તેમાં લોકોના ધિક્કારપાત્ર હતા અને ચાંડાલ આવાસમાં રહેતા.

૧૯ આપણે તે નીચ જન્મમાં ચાંડાલવાસમાં રહેતા. છતાં પણ આ ભવમાં આપણે પૂર્વ કર્મનાં ફળ ભોગવીએ છીએ.

૨૦ હે રાજા, તમે જે હતા તે હાલ યશસ્વી, શક્તિમાન, ગુણોનાં ફળ મેળવનારા છો. આવાં ક્ષણિક સુખોનો ત્યાગ કરી સિદ્ધિ મેળવવા માટે તમે જરૂર દીક્ષા લો.

૨૧ હે રાજા, આ અતિચંચળ જીવનમાં જેણે ઉત્તમ કર્મો નથી કર્યાં અને ધર્મ કર્યા વિના મૃત્યુનાં મુખમાં જે પડે છે તે બીજા ભવમાં પસ્તાય છે.

૨૨ આ સંસારમાં જેવી રીતે સિંહ હરણને પકડીને લઇ જાય છે, તેવી રીતે મૃત્યુ પણ માનવીને પકડી છેક છેલ્લી ઘડીએ લઇ જાય છે. અને તે વખતે માતપિતા, ભાઈઓ કોઇ તેનાં જીવનનો અંશ પણ નથી બનતાં.

૨૩ તેનાં કોઈ પણ સગાં, મિત્રો, પુત્રો કે સ્નેહીજન કોઈપણ તેનાં તેનાં દુઃખમાં ભાગ પડાવતાં નથી. તે માત્ર એકલો જ દુઃખ અનુભવે છે.

૨૪ બે પગાં કે ચોપગાં પ્રાણી, ખેતરો, ઘરો, ધન, ધાન્ય અને બીજું બધું છોડીને તે અસહાય થઇને પોતાનાં બીજાં કર્મો સાથે સારાં યા નરસાં પરલોકમાં જાય છે.

૨૫ તેનાં એકાકી અને નિર્જીવ શરીરને ચિત્તા ઉપર લાવીને તેની પત્ની, તેના પુત્રો અને સ્નેહીજનો બીજા આધારે જાય છે.

૨૬ હે રાજા, જીવન હંમેશ સતત મૃત્યુ તરફ ઘસડાતું જાય છે, અને ઘડપણ માણસનું સૌંદર્ય હરી લે છે. માટે હે, પાંચાલાધીશ, મારાં વચનોને અનુસરો અને પાપી કર્મો ન કરો."

૨૭ (રાજાએ જવાબ આપ્યો) "હે મુનિ, હું પણ તમે જે કહ્યું તે આ દુનિયાનું સ્વરૂપ જાણું છું. પણ હે મહાનુભાવ, આ મોહક ભોગવિલાસ અમારા જેવાથી અંકુશમાં રખાવા મુશ્કેલ છે.

૨૮ હે ચિત્ત, હસ્તિનાપુરમાં મહારાજવીને જોઇને અને વિષયસુખના મોહને લઈને મેં મારા તપના યોગ્ય બદલા તરીકે આવી પાપી ઇચ્છા કરી હતી.

૨૯ અને મેં તેનો પશ્ચાત્તાપ ન કર્યો તેથીજ આવું ફળ મળ્યું છે, કારણ ધર્મ જાણતાં છતાં પણ હું વિષયસુખને વશ રહ્યો છું.

૩૦ જેવી રીતે કાદવવાળાં પાણીમાં ડૂબેલો હાથી ઉચ્ચ જમીન જોતાં પણ કિનારે નથી જઈ શકતો તેવી રીતે અમે વિષયસુખમાં ડૂબી સાધુપંથ ગ્રહણ નથી કરી શકતા."

૩૧ (મુનિએ જવાબ આપ્યો) "સમય ચાલ્યો જાય છે. રાત્રિઓ પણ અધીરી છે અને માનવીના ભોગવિલાસ પણ ક્ષણિક છે. જેવી રીતે ફળહીન વૃક્ષોનો પંખીઓ ત્યાગ કરે છે તેવી રીતે માણસ પાસે જઈ પછી વિલાસ તેનો ત્યાગ કરે છે.

૩૨ હે રાજવી, જો તમે ભોગવિલાસનો ત્યાગ ન કરી શકતા હો તો ઉત્તમ કર્મો કરો. ધર્મ પ્રત્યે અનુરાગ કેળવો, બધા જીવો પ્રત્યે દયા વરસાવો અને આ પછી તમે જુદાં શરીર ધારણ કરનારા દેવ બનશો.

૩૩ તમારો વિલાસ તજવાનો જરાપણ ઈરાદો નથી. અને તમે પાપી કર્મો અને સંપત્તિ પ્રત્યે આસક્ત છો. માટે મારી આટલી વાત વ્યર્થ ગઈ છે. હે રાજા, હું જાઉં છું અને તમારી રજા લઉં છું."

૩૪ અને પાંચાલાધીશ બ્રહ્મદત્ત મુનિનાં વચન નહિં ગણકારી ઉત્તમ ભોગ વિલાસ ભોગવ્યા અને છેવટે અતિ દુષ્ટ નર્કમાં પડ્યો.

૩૫ ચિત્ત જે ઉત્તમ ચારિત્ર્યવાન અને તપસ્વી હતો અને જેને વિષયવાસના પ્રત્યે કંઈજ ન હતું તેણે સંયમનું પાલન કર્યું અને સંપૂર્ણ સિદ્ધિની ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત કરી.

૪. ઉસુયારની વાત—

૧ પૂર્વ જન્મમાં દેવ થઈને અને સ્વર્ગમાં રહીને કેટલાંક ત્યાંથી ચ્યુત થઈ ઉસુયાર નામનાં પ્રાચીન, પ્રખ્યાત, સમૃદ્ધ અને સ્વર્ગ જેવાં સુંદર શહેરમાં જન્મ્યાં.

૨ અને પૂર્વ કર્મના અવશેષને લઈને તેઓ ઉચ્ચ કુળમાં જન્મ્યાં. ભવની બીકને લઈને તેઓએ વિલાસનો ત્યાગ કર્યો અને ઉત્તમ મહાવીર સ્વામીના માર્ગનો આશ્રય લીધો.

૩ તેમાંના બે માનવકુળમાં જન્મ્યા તે કુંવારા રહ્યા. એવી રીતે એક પુરોહિત થયો, એક તેની પત્ની જસા તરીકે, એક પ્રખ્યાત ઉસુયાર રાજા તરીકે અને એક તેની રાણી કમલાવતી તરીકે એમ સૌ જન્મ્યાં.

૪ જન્મ મરણ અને ઘડપણના ભયથી ગભરાઈને, અને સાધુ જીવનના માર્ગ ઉપર પોતાનાં મન પરોવી, કેટલાક સાધુઓ જોઈને પેલા બે સંસારસુખથી સંસારચક્રમાંથી મોક્ષ મેળવવા દૂર રહ્યા.

૫ પેલા કર્મકાંડી બ્રાહ્મણના બંને વ્હાલા પુત્રોએ પોતાનો આગલો અવતાર યાદ કર્યો અને પોતાનાં ઘોર તપ અને સંયમ પણ યાદ કર્યાં.

૬ દૈવી યા માનવી સુખોથી દૂર રહી, મુક્તિની ઇચ્છા કરી, શ્રદ્ધાપૂર્વક પોતાના પિતા પાસે તેઓ આવ્યા અને કહ્યું.

૭ "અમે અનુભવ્યું છે કે આ માનવજીવન ક્ષણિક અને વિઘ્નોથી ભરપૂર છે; અને જીવન બહુ લાંબું નથી. માટે અમને આ ઘરમાં આનંદ પડતો નથી. અમે સાધુજીવન ગાળીશું, અને જેથી અમે આપની રજા લઈએ છીએ."

૮ ત્યારે તે પ્રસંગે તેમના પિતાએ ભવિષ્યના સાધુઓને તપની વિરુદ્ધ કહ્યું, "વેદના પ્રખર જ્ઞાતાઓ આ પ્રમાણે કહે છે: 'પુત્રહીન માટે કોઈપણ સ્થાન નથી'.

૯ વેદનો અભ્યાસ કરી, બ્રાહ્મણોને ભોજન કરાવી પોતાના પુત્રોને ઘરમાં સ્થાયી કરી, પત્નીઓ સાથે સુખ ભોગવી પછી તમે સાધુ થઈ શકો અને પછી પ્રશંસાપાત્ર મુનિ થઈ શકો."

૧૦–૧૧ દુનિયાદારી રૂપી ઇંધનથી બળતા શોકના અગ્નિ જેવું જેનું મોહથી બળતું હૃદય હતું, જે એકદમ સંતપ્ત હતો, જે શોક કરતો હતો, જે પોતાના પુત્રોને ધીરે ધીરે સમજાવતો હતો, જે પોતાના પુત્રોને ધન, વિલાસના પદાર્થો વડે લલચાવતો હતો એવા પુરોહિતને જોઈ પેલા યુવાન બોલ્યા.

૧૨ "વેદનો અભ્યાસ તમને બચાવશે નહિ, બ્રહ્મભોજન અનંત અંધકારમાં લઈ જશે, અને પુત્રજન્મ કંઈ તમને બચાવશે નહિ. તમારી આ ઉક્તિ જોડે કોણ ખરેખર સંમત થશે?

૧૩ વિલાસસુખનું સુખ ક્ષણિક છે અને દુઃખ ઘણું લાંબું છે. દુઃખ ઘણુંજ અને સુખ થોડું. અવતારોમાંથી મુક્તિ અપાવવામાં તે વિરૂદ્ધ છે અને ભયની ખાણ છે.

૧૪ જે માણસ ભોગવિલાસથી મુકત થયા વિના, દિવસ અને રાત્રિ દુઃખિત અવસ્થામાં, ધર્મ પ્રત્યે બેદરકાર રહીને, ધનને શોધતો ભટકયા કરે છે તેને ઘડપણ અને મૃત્યુ વરે છે.

૧૫ સમયના લૂંટારા જયારે તેને લઈ જાય છે ત્યારે તે મિથ્યા પ્રલાપ કરે છે કે "આ મારૂં છે, પેલું મારૂં નથી, આ મારે કરવું છે, કરવું નથી" તો તેણે ધર્મ પ્રત્યે કેમ બેદરકાર રહેવું જોઇએ?"

૧૬ (પુરોહિતે કહ્યું) "જેને માટે લોકો દુઃખ ભોગવે છે તે સ્ત્રીઓ, સગાં અને અસંખ્ય વિલાસરહિત બધી સંપત્તિ તમારે માટે અહીં તૈયાર છે."

૧૭ (પુત્રોએ ઉત્તર આપ્યો). "ધર્મની ક્રિયામાં ધન, સ્નેહીજન કે વિલાસની શી જરૂર છે? ભિક્ષાર્થી થઈ અમે સાધુ થશું અને અસંખ્ય ગુણોથી વિભૂષિત થઈ આમથી તેમ ફરશું."

૧૮ (પુરોહિતે કહ્યું) "જેવી રીતે હે પુત્રો, લાકડાંના કકડામાંથી ન હોય તેવો અગ્નિ, દૂધમાંથી માખણ અને તલમાંથી તેલ થાય છે તેવી રીતે આત્મા શરીરમાંજ થાય છે જે શરીર સાથેજ નાશ પામે છે પછી તે રહેતો નથી."

૧૯ (પુત્રોએ જવાબ આપ્યો) "આત્માનાં અમૂર્ત સ્વરૂપને લઈ તે ઇંદ્રીયગ્રાહ્ય નથી. અને અમૂર્તતાને લીધે તે શાશ્વત છે. આત્માનાં દુષ્ટ વલણને લઈને તેનું બંધન શરીર સાથે છે તે નક્કી છે. અને ડાહ્યા માણસો આવાં બંધનને અવતારોનું કારણ માને છે.

૨૦ અમે ધર્મ ન જાણીને, ભોગવિલાસમાં સંયમ અને અવરોધ ન પાળીને પહેલાં અજ્ઞાનતાને લીધે પાપીકર્મો કર્યાં તેથી હવે અમે તેવું ફરીથી કરશું નહિ.

૨૧ જ્યારે માનવજાત ચારે બાજુથી વીંટલાયલી અને દબાયલી છે અને જ્યારે અમોહી માનવી ચાલ્યાં જાય છે ત્યારે અમે સંસારમાં આનંદ લેતા નથી."

૨૨ (પુરોહિતે પૂછ્યું) "માનવજાત શેનાથી દબાયલી છે? વીંટળાયેલી છે? કોણ અમોહી કહેવાય છે? હે પુત્રો, આ જાણવાને હું ઉત્સુક છું."

૨૩ (પુત્રોએ જવાબ આપ્યો) "માનવજાત મૃત્યુથી દબાયલી છે. ઘડપણથી વીંટળાયલી છે, રાત્રી અમોહી કહેવાય છે. હે પિતાજી, આ જાણો.

૨૪ જે રાત્રિ જાય છે તે પાછી આવતી નથી. જે માનવી ધર્મનું પાલન નથી કરતો તેની રાત્રિઓ કંઇ પણ લાભ વિના ચાલી જાય છે.

૨૫ જે રાત્રિ જાય છે તે પાછી આવતી નથી. જે માનવી ધર્મનું પાલન કરે છે તેની રાત્રિઓ લાભથી પસાર થઈ જાય છે."

૨૬ (પુરોહિતે પૂછ્યું) "હે પુત્રો, સાથે રહી શ્રદ્ધાપૂર્વક આપણે પછી એક ઘેરથી બીજે ઘેર ભિક્ષા માંગતા માંગતા ચારે બાજુ જશું."

૨૭ (પુત્રોએ કહ્યું) "જેને મૃત્યુ જોડે મૈત્રી છે, અથવા જે મૃત્યુથી દૂર જઈ શકે અથવા તો તે ધારે કે 'હું નથી મરવાનો' તેજ એમ ઇચ્છે છે કે આ આવતી કાલે કરવું.

૨૮ આપણા મોહને અંકુશમાં રાખી આપણા ધર્મને અનુકુળ છે એવો સાધુધર્મ આજેજ સ્વીકારશું. અને આના આશ્રયે આપણે ફરીથી જન્મ લેવો નહિ પડે. આપણાથી આપણાં ગત જન્મમાં ન મેળવાયું એવું કશું ન હતું."

૨૯ (ત્યારે પુરોહિતે પોતાની પત્ની વાસિટ્ઠીને કહ્યું) "હે વાસિટ્ઠી, પુત્રો મને છોડી જશે તો હું આ ઘરમાં રહી શકીશ નહિ. હવે મારે દીક્ષા લેવાનો સમય થયો છે. વૃક્ષ તેની શાખાઓને લીધે પૂર્ણ થાય છે. જ્યારે શાખાઓ કપાય છે ત્યારે તેજ થડ પણ કહેવાય છે.

૩૦ જેમ પાંખ વિનાનું પક્ષી, અંગરક્ષકો વગરનો રણભૂમિ ઉપરનો રાજવી, કિંમતી માલ ગુમાવેલા વહાણ ઉપરનો વેપારી હોય તેવો હું અહીં મારા પુત્રો વગર છું."

૩૧ (વાસિટ્ઠીએ કહ્યું) "તમે આ યોગ્ય ગોઠવાયલા અને અતિઆનંદ આપનારા ભોગવિલાસના પદાર્થો મેળવ્યા છે. ચાલો આપણે આ વિલાસ ખૂબ ભોગવીએ પછી આપણે સિદ્ધિનો માર્ગ સ્વીકારશું"

૩૨ (પુરોહિતે કહ્યું) "હે સ્ત્રી, આપણે આ વિલાસો તો ક્યારના ભોગવ્યા છે. આપણી યુવાની પણ આપણને છોડી જાય છે હું લાંબાં જીવનને માટે ભોગોનો ત્યાગ કરતો નથી. હું લાભાલાભ, અને સુખ દુઃખ જોઈ સાધુ જીવન ગાળીશ."

૩૩ (વસિટ્ઠીએ કહ્યું) "વિરોધ પ્રવાહમાં ફરતા ઘરડા હંસની પેઠે તમે શું તમારા ભાઇઓને યાદ નહિ કરો? ભિક્ષાને માટે ભટકતી જીંદગી એ તો ખરેખર દુઃખ છે."

૩૪ (પુરોહિતે કહ્યું) "હે સ્ત્રી, જેવી રીતે સાપ તેના શરીરનીજ કાંચળી છોડી છૂટો થઇ ચાલ્યો જાય છે તેવી રીતે આ મારા પુત્રોએ ભોગવિલાસને છોડ્યા છે. હવે હું તેમને કેમ ન અનુસરૂં?

૩૫ જેવી રીતે રાહિય માછલી નબળી જાળ તોડીને છૂટથી ફરે છે તેવી રીતે ધર્મભાર સહી શકે એવા, તપસ્વી, ભોગવિલાસના ત્યાગી તેવા ડાહ્યા પુરૂષો સાધુ જીવન ગાળી શકે છે.”

૩૬ (વાસિઠિએ કહ્યું) “પાથરેલી જાળો કાપીને આકાશમાં ઉડતાં ક્રૌંચ અને હંસની માફક મારા પુત્રો અને પતિ ચાલ્યા જાય છે તો હું તેમને કેમ ન અનુસરૂં ?”

૩૭ પુરોહિત તેની પત્ની અને પુત્રોની સાથે ભોગવિલાસ, વિપૂલ ઉત્તમ કુળનો ત્યાગ કરીને દીક્ષાને કાજે નીકળે છે ત્યારે રાણીએ વારંવાર રાજાને કહ્યું. (રાજા આ વખતે બ્રાહ્મણની સંપત્તિ પડાવવાની ઇચ્છા કરતો હતો).

૩૮ “હે રાજા, બ્રાહ્મણે છોડેલી સંપત્તિ દબાવવા તમારી ઇચ્છા લાગે છે. બાકી જે માણસ બીજાનું થુંકેલું ખાનાર છે તે પ્રશંસાપાત્ર નથી.

૩૯ જો આખી દુનિયા અને આખું ધન તમારૂં થઈ જાય તો તે પણ તમને પુરતું નથી ભાસતું. આ તમારૂં રક્ષણ નહીં કરે.

૪૦ હે રાજા, સુંદર ભોગો છોડીને જ્યારે તમે મૃત્યુ પામશો ત્યારે ધર્મજ તમારો આશ્રય રહેશે. હે નરેન્દ્ર, દુનિયામાં બીજું છેજ નહિ.

૪૧ પીંજરાનાં પક્ષીની પેઠે મને સંસારમાં રસ નથી આવતો. સંતાન-હીન, ધનહીન, લોભહીન, પાપકર્મોહીન, થઈ સત્કર્મોથી હું સાધુચરિત ગાળીશ.

૪૨ જ્યારે દવથી જંગલમાં પ્રાણીઓ બળે છે ત્યારે રાગ દોષથી બીજાં આનંદ પામે છે.

૪૩ તેવી રીતે આપણે મૂર્ખ અને ભોગ વિલાસને વશ રહી જોતાં નથી કે આ દુનિયા રાગ દોષરૂપી અગ્નિથી બળી રહી છે.

૪૪ ભોગ ભોગવીને અને તેનો ત્યાગ કરીને, પવનની માફક ઉડતાં સ્વેચ્છાચારી પક્ષીને પેઠે તેઓ આનંદ કરતા જાય છે.

૪૫ હે સ્વામી (પક્ષી) મારા હાથથી પડી પકડાયા પછી ફાંફાં મારે છે. તેમની માફક ભોગવિલાસથી આપણે સંસાર જીવનમાં થશું.

૪૬ લોભી ગીધ પકડાય છે અને વણ લોભી છૂટું છે એ જોઇને હું દરેક ભોગવિલાસ છોડી લોભ રહીત થઈ ફરીશ.

૪૭ ગીધનાં ઉદાહરણો ઉપરથી જોઈ શકાય કે ભોગવિલાસ અવતારનાં કારણ છે તો સુવર્ણ પક્ષીની પાસે પેટે ચાલતા સાપની પેઠે પેટે ચાલવું જોઈએ.

૪૮ બંધનહીન થઈ પોતાને સ્થાને પાછા જતા હાથીની માફક આત્માનાં સ્થાને જવું જોઈએ. હે ઉસુયાર મહારાજા, મેં આ બધું મુનિદ્વારા સાંભળ્યું છે."

૪૯ પોતાનું વિશાળ રાજ્ય અને ન છોડી શકાય તેવા ભોગવિલાસ છોડી રાજારાણી દુનિયાદારીથી મુક્ત થયાં, લોભ, મોહ અને આસક્તિથી મુક્ત થયાં.

૫૦ ધર્મને યોગ્ય સમજીને, ઉત્તમ ભોગો તજીને શિખવાયલાં ઉગ્ર તપ કરીને, તેઓ પોતાની પરિક્રમામાં ઉગ્ર થયાં.

૫૧ આવી રીતે બધાં (છએજણાં) ધર્મમાં લીન થઈ જન્મ મરણનો ભય જીતીને, દુઃખનો અંત લાવીને ધીરે ધીરે સિદ્ધ થયાં.

૫૨ પૂર્વજન્મમાં તેઓનાં મન મોહરહિતનાં શિક્ષણમાં હોવાને લીધે દુઃખના અંતને થોડાજ સમયમાં પામ્યાં.

૫૩ રાજારાણી, બ્રાહ્મણ પુરોહિત, તેની પત્ની અને પુત્રો એ બધાં મુક્તિ પામ્યાં.

चउ-पत्तेगबुद्ध-चरियाणि

(भूमिया)

करकण्डू कलिंगेसुं, पंचालेसु य दुम्मुहो ।
नमी राया विदेहेसुं, गंधारेसु य नग्गइ ॥ १ ॥
वसहे य इन्दकेऊ, वलए अंबे य पुप्फिए बोही ।
करकण्डु-दुम्मुहस्स, नमिस्स गंधार-रन्नो य ॥ २ ॥

× × × ×

१ करकण्डू राया

१. तत्थ करकण्डू। चंपाए नयरीए दहिवाहणो राया। तस्स चेडग-धूया पउमावई देवी। अन्नया य तीसे दोहलो जाओ—"किलाहं राय-नेवच्छेण नेवच्छिया महाराय-धरिय-छत्ता उज्जाण-काणणाणि हत्थि-खन्ध-वर-गया विहरेज्जा"। सा उलुग्गा जाया, राइणा पुच्छिया। कहिओ सब्भावो। ताहे राया य सा य जय-हत्थिम्मि आरूढा। राया छत्तं धरेइ। गया उज्जाणं।

२. पढम-पाउसो य तया वट्टइ। सीयलएणं सुरहि-गन्ध-मट्टिया-गन्धेण हत्थी अब्भाहओ वणं संभरेइ। करी वि एयत्तो वणाभिमुहो, पयाओ पहाओ। जणो न तरइ पिट्ठओ ओलग्गिउं। दो वि अडविं पवेसिया। राया वड-रुक्खं पेच्छइ, देविं भणइ—"एयस्स वडस्स हेट्ठेण जाहिइ, तओ तुमं साहं गेण्हेज्जासि"। ताए पडिसुयं; न तरइ गेण्हिउं। राया दक्खो; तेण साहा गहिया। सो उत्तिण्णो; निराणन्दो किंकायव्वा-मूढो गओ चंपं।

३. सा य पउमावई नीया निम्माणुसिं अडविं। जाव तिसा-इओ ताव पेच्छइ तलागं महइमहालयं हत्थी। तओ तत्थ ओइण्णो अभिरमइ। इमा वि सणियं सणियं ओइण्णा करिणो; उत्तिण्णा तलागाओ; दिसाओ न जाणइ। भय-भीया समन्तओ तं वणं पलोएइ। तओ—"अहो कम्माण परिणई जेण अतक्कियमेव

परिसं वसणमहं पत्ता। ता किं करेमि, कत्थ गच्छामि, का मे गइ?" त्ति सोय-परव्वसा रोविउं पयत्ता।

४. खणमेत्तेण काऊण धीरयं चिन्तियं तीए—"न नज्जइ बहु-दुट्ठ-सावय-संकुले एयंमि भीसणे वणे किं पि हवइ। ता अप्पमत्ता हवामि"। तओ कयं चउ-सरण-गमणं; गरहियाइं दुच्चरियाइं; खामिओ सयल-जीव-रासी; कयं सागारं भत्त-पच्चक्खाणं—

"जइ मे होज्ज पमाओ इमस्स देहस्सिमाइ वेलाए।
आहारमुवहि-देहं चरिमे समयंमि वोसिरियं॥१॥

तओ पंच-नमोक्कारो मे सरणं, जओ सो चेव इहलोग-परलोगेसु कल्लाणावहो। भणियं च—

वाहि-जल-जलण-तक्कर-हरि-करि-संगाम-विसहर-भयाइं।
नासन्ति तक्खणेणं नवकार-पहाण-मन्तेणं॥२॥
न य तस्स किंचि पहवइ डाइणि-वेयाल-रक्ख-मारि-भयं।
नवकार-पहावेणं नासन्ति य सयल-दुरियाइं॥३॥

तहा—

हियय-गुहाए नवकार-केसरी जाण संठिओ निच्चं।
कम्मट्ठ-गण्ठि-दोघट्ट-घट्टयं ताण परिनट्ठं"॥४॥

५. तओ नवकारमणुसरन्ती पविट्ठा एग-दिसाए। जाव दूरं गया ताव दिट्ठो एगो तावसो; तस्स मूलं गया; अभिवाइओ सो। पुच्छिया तेण—"कओ सि अम्मो इहागया?"। ताहे कहेइ—"अहं चेडगस्स धूया, जाव हत्थिणा आणीया"। सो य तावसो चेडगस्स नियल्लओ। तेण आसासिया—"मा बीहेहि" त्ति। भणिया य—"मा सोयं करेहि; ईइसो चेव एस संजोग-विओग-हेऊ जम्म-मरण-रोग-सोग-पउरो असारो संसारो"। वण-फलेहिं अणिच्छन्ती वि कारविया पाणवित्तिं, नीया वसिमं। भणिया य—"एत्तो परेण हल-किट्ठा भूमी; तं न अक्कमामो अम्हे। एसो दन्तपुरस्स विसओ; दन्तवक्को य एत्थ राया। ता तुमं

निब्भया गच्छ एयंमि नयरे। पुणो सु-सत्थेण गच्छसु चंपं" ति। नियत्तो तावसो।

६. इयरा पविट्ठा दन्तपुरं। गया पुच्छन्ती साहुणी-मूलं; वन्दिया पवत्तिणी। पुच्छिया—"कओ साविगा?"। कहियं तीए जहट्ठियं। पच्छा मणागं संठविया पवत्तिणीए—"महाणुभावे, मा कुणसु चित्त-खेयं; अलंघणीओ विहि-परिणामो। अओ—

विहडावइ घडियं पि हु विहडियमवि किंचि संघडावेइ।
अइ-निउणो एस विही सत्ताण सुहासुह-करणे ॥ ५ ॥

किंच—

खण-दिट्ठ-नट्ठ-विहवे खण-परियट्टन्त-विविह-सुह-दुक्खे।
खण-संजोग-विओगे संसारे नत्थि किं पि सुहं ॥ ६ ॥
जेणं चिय संसारो बहु-विह-दुक्खाण एस भण्डारो।
तेणं चिय इह धीरा अपवग्ग--पहं पवज्जन्ति" ॥ ७ ॥

७. एवमाइ अणुसासिया संवेगमुवगया ताणं चेव मूले पव्वइया। पुच्छियाए वि दिक्खाए अ-द्दाण-भएण गब्भो न अक्खाओ। पच्छा णाए मयहरियाए सब्भावो कहिओ। पच्छन्नं धरिया। पसूया समाणी सह नाममुद्दाए कंबल-रयणेण य सुसाणे छड्डेइ।

८. पच्छा मसाण-पालेण गहिओ, भज्जाए अप्पिओ। 'अवकिण्णओ' त्ति नामं कयं। सा य अज्जा तीए पाणीए समं मेत्तिं करेइ त्ति।

९. सा अज्जा ताहिं संजईहिं पुच्छिया—"कहिं गब्भो?"। भणइ—"मयगो जाओ, ता मे उज्झिओ"।

१०. सो तत्थ संवड्ढइ। ताहे दारगरूवेहिं समं रमइ। सो ताणि डिम्भरूवाणि भणइ—"अहं तुब्भं राया, मम करं देह"। सो लुक्ख-कच्छुए गहिओ ताणि भणइ—"ममं कण्डूयह"। ताहे से 'करकण्डु' त्ति नामं कयं। सो य ताए संजईए अणुरत्तो। साय से मोयए देइ, जं वा भिक्खं लहुं लहेइ।

११. संवड्ढिओ सो सुसाणं रक्खइ। तत्थ दो संजया केणइ कारणेण अइगया, जाव एगत्थ वंस-कुडंगे दण्डगं पेच्छन्ति। तत्थ एगो दण्ड-लक्खणं जाणइ, जहा—

एग-पव्वं पसंसन्ति दु-पव्वा कलह-कारिया।
ति पव्वा लाभ-संपन्ना चउ-पव्वा मारणन्तिया ॥ ८ ॥
पंच-पव्वा उ जा लट्ठी पंथे कलह-निवारिणी।
छ-पव्वा य आयंको सत्त-पव्वा अ-रोगिया ॥ ९ ॥
चउरंगुल-पइट्ठाणा अड्ढंगुल-समूसिया।
सत्त-पव्वा य जा लट्ठी मत्त-गय-निवारिणी ॥ १० ॥
अट्ठ-पव्वा अ-संपत्ती नव-पव्वा जस-कारिया।
दस-पव्वा उ जा लट्ठी तहियं सव्व-संपया ॥ ११ ॥
वंका कीडाक्खइया चित्तलया पोलया य दड्ढा य।
लट्ठी य उब्भ-सुक्का वज्जेयव्वा पयत्तेण ॥ १२ ॥
घण-वड्ढमाण-पव्वा निद्धा वण्णेण एग-वण्णा य।
एमाइ-लक्खण-जुया पसत्थ-लट्ठी मुणेयव्वा ॥ १३ ॥

१२. तओ तेण भणियं—"जो एयं दण्डगं गेण्हिस्सइ सो राया होहिइ; किंतु पडिच्छियव्वं जाव अन्नाणि चत्तारि अंगुलाइं वड्ढइ; ताहे जोगो" त्ति। तं तेण मायंग-चेडएण सुयं, एक्केण य धिज्जाइएण। ताहे सो धिज्जाइओ अप्पसारियं तस्स चउरंगुलं खणिऊणं छिन्देइ। तेण य चेडगेण दिट्ठो सो उद्दालिओ। सो तेण धिज्जाइएणं करणं नीओ। भणइ—"देहि दण्डगं"। सो भणइ—"मम मसाणे एस वड्ढिओ, अओ न देमि"। धिज्जाइओ भणइ—"अन्नं गेण्ह"। सो नेच्छइ, भणइ य—"एएण मम कज्जं" ति। सो दारगो न देइ। तेहिं सो दारगो पुच्छिओ—"किं न देसि?"। भणइ य—"अहं एयस्स दण्डगस्स पभावेणं राया होहामि" त्ति। ताहे कारणिया हसिऊण भणन्ति—"जया तुमं राया होज्जासि तया तुमं एयस्स गामं देज्जासि"। पडिवन्नं तेण।

१३. धिज्जाइएण वि अन्ने धिज्जाइया भणिया, जहा—"एयं मारेत्ता दण्डगं हरामो"। तं तस्स पिउणा सुयं। ताणि तिण्णि वि नट्ठाणि जाव कंचणपुरं गयाणि।

१४. तत्थ राया अपुत्तो मओ। आसो अहिवासिओ। तस्स बाहिं सुयन्तस्स मूलभागओ; पयाहिणी-काऊण ठिओ। जाव आयरेण नायरा पेच्छन्ति लक्खण-जुत्तं। जय सद्दो कओ, नन्दी-तूरमाहयं। इमो वि जंभन्तो उट्ठिओ; वीसत्थो आसं विलग्गो; पवेसिज्जइ। 'मायंगो' त्ति धिज्जाइया न देन्ति पवेसं। ताहे तेण दण्ड-रयणं गहियं; तं जलिउमाढत्तं। ते भीया ठिया। ताहे वाडहाणगा हरिएसा धिज्जाइया कया। उत्तं च—

दधिवाहन-पुत्रेण राज्ञा च करकण्डुना।

वाटधानक-वास्तव्याश्चाण्डाला ब्राह्मणी-कृता॥ १४॥

१५. तस्स य घरनामं 'अवकिण्णगो' त्ति अवहीरिऊण तेहिं तं चेव चेडग-कयं नामं पइट्ठियं 'करकण्डु' त्ति।

१६. ताहे सो धिज्जाइओ आगओ—"देहि मम गामं"। भणइ—"जो ते रुच्चइ तं गेण्ह"। सो भणइ—"मम चंपाए घरं, ता तीए विसए देहि"। ताहे दहिवाहणस्स लेहं देइ—"देहि मम एगं गामं, अहं तुब्भं जं रुच्चइ गामं वा नगरं वा तं देमि"। सो रुट्ठो—"दुट्ठ मायंगो अप्पाणं न याणइ" त्ति।

१७. दूएण पडिआगएण कहियं। करकण्डू कुविओ। चंपा रोहिया; जुद्धं च वट्टइ। ताहे संजईए सुयं। "मा जण-क्खओ होहि" त्ति मयहरिं आपुच्छिऊण गया तं नयरं। करकण्डुं उस्सारित्ता रहस्सं भिन्दइ—"एस तव पिय" त्ति। तेण ताणि अम्मा-पियरो पुच्छियाणि। तेहिं सब्भावो कहिओ। माणेणं न ओसरइ। ताहे सा चंपं अइगया, रन्नो घरं अईइ; नाया, पाय-वडियाओ दासीओ परुन्नाओ। राइणा वि सुयं; सो वि आगओ। वन्दित्ता आसणं दाऊण तं गब्भं पुच्छइ। सा भणइ—"एस सो जेण

रोहियं नगरं"। तुट्ठो निग्गओ, मिलिओ। दो वि रज्जाणि तस्स दाऊण दहिवाहणो पव्वइओ।

१८. करकण्डू य महा-सासणो जाओ। सो किल गोउल-प्पिओ। अणेगाणि तस्स गोउलाणि जायाणि। जाव सरय काले एगं गो वच्छं थोर-गत्तं सेयं पेच्छइ। भणइ—"एयस्स मायरं मा दुहेज्जह; जया वड्ढिओ होज्जा तया अन्नाणं गावीणं दुद्धं पाए-ज्जाह"। ते गोवा पडिसुणन्ति। सो उच्चत्त-विसाणो गन्ध-वसहो जाओ; राइणा दिट्ठो। सो जुज्झिकओ जाओ। पुणो कालेण राया आगओ। पेच्छइ महाकायं जुण्ण-वसभं पड्डुएहिं परिघट्टिज्जन्तं। गोवे पुच्छइ—"कहिं सो वसभो?" त्ति। तेहिं सो दाइओ तयवत्थो। भणियं च—

गोट्ठंगणस्स मज्झे ढिक्किय-सद्देण जस्स भज्जन्ति।
दित्ता वि दरिय-वसभा सु-तिक्ख-सिंगा समत्था वि ॥१५॥
पोराणय-गयदप्पो गलन्त-नयणो चलन्त-विसमोट्ठो।
सो चेव इमो वसभो पड्डुय-परिघट्टणं सहइ ॥ १६ ॥

१९. तं तारिसं पेच्छिय गओ विसायं, चिन्तेइ अणिच्चयं—"अहो, तारिसो होऊण संपइ एयारिसो जाओ एस वसभो। ता सव्वे अथिरा संसारे पयत्था। तहा हि—जो ताव भोग-निबन्धणं महा-मोह-हेऊ य अत्थो सो अ-धुवो। भणियं च—

चवलं सुर-चावं व विज्जु-लेह व्व चञ्चलं।
पायावलग्ग-पंसु व्व धणं अथिर-धम्मयं ॥ १७ ॥
अत्थं चोरा विलुम्पन्ति उद्दालन्ति नरेसरा।
वन्तरा य निगूहन्ति गेण्हन्ति अह दाइया ॥ १८ ॥
हुयासणो डहे सव्वं जलुप्पीलो विणासए।
सव्वस्स हरणं चावि करेइ कुविओ जमो ॥ १९ ॥

तहा परमाणन्द-हेऊ इट्ठ-जण-संगमो वि अणिच्चो। कहं?"

जहा संज्झाए रुक्खंमि मिलन्ति विहगा बहू।
पन्थिया पहियावासे जहा देसन्तरागया ॥ २० ॥
पहाए जन्ति सव्वे वि अन्नमन्नं दिसन्तरं।
एवं कुडुंब-वासे वि संगया बहवो जिया ॥ २१ ॥
नरामर-तिरिक्खाइ-जोणिसुं कम्म-संजुया।
૨. એક વખતે સભાગૃહમાં બેઠા બેઠાં તેણે દૂતને પૂછ્યું "બીજા રાજાઓ પાસે છે, તેવું મારી પાસે શું નથી?" દૂતે કહ્યું "હે મહારાજ, આપની પાસે ચિત્રસભા નથી." ત્યારે રાજાએ પોતાના શીલ્પીઓને આજ્ઞા કરી "તરતજ એક ચિત્રગૃહ બાંધો." આજ્ઞા પછી તરતજ તેઓએ કામ શરૂ કર્યું.

૩ જ્યારે ધરતી ખોદાતી હતી ત્યારે પાંચમે દિવસે કારીગરોએ એક રત્નજડિત અને અગ્નિસમ પ્રકાશમાન એક કીંમતી મુકુટ જોયો. ખુશ થઈને તેઓએ જય રાજાને આની વાત કરી. અને તેણે પણ આનંદી હૃદયે અને મધુર ઉત્સવ ગીતોના અવાજ વચ્ચે ધરતીમાંથી તે લઈ લીધો. શિલ્પકારો અને બીજાં બધાને યોગ્ય વસ્ત્ર અને દાન આપવામાં આવ્યાં.

૪ થોડાજ વખતમાં ઉંચાં શિખરોવાળું ચિત્રગૃહ બાંધવામાં આવ્યું. કોઇ એક શુભ દિવસે ચિત્રગૃહના દ્વારની ક્રિયા કરવામાં આવી. ઉત્સવસંગીતના અવાજો વચ્ચે પેલો મુકુટ પોતા ઉપર મૂક્યો. તેની અજબ શક્તિવડે તે રાજા બે મુખવાળો થઈ ગયો, અને તેથી લોકોએ તેનું નામ "દોમ્મુહ" પાડ્યું.

૫ થોડો સમય વીતી ગયો અને તે રાજાને સાત દીકરા થયા. ગુણમાલા દુઃખ પામીને વિચારવા લાગી "મ્હારે પુત્રી નથી." તેણે પોતાની ઇચ્છાનાં ફળને માટે મદન નામના જખ્ખને ભેટ આપવાની ઇચ્છા કરી. એક દિવસે પારીજાત વૃક્ષની સુગંધના પ્રતાપને લીધે સ્વપ્નમાં વરાયેલી એક પુત્રી તેને અવતરી. તેની જન્મક્રિયા કરવામાં આવી. જખ્ખને બળિદાન આપવામાં આવ્યું અને તેનું નામ મદનમંજરી પાડવામાં આવ્યું. અને સમયના પ્રવાહમાં તેણે યૌવનમાં પ્રવેશ કર્યો.

૬ હવે ચંદપજ્જોય ઉજ્જેનીનો રાજા હતો. દૂતે તેને એમ કહ્યું "કંપિલના રાજા બે મોઢાવાળા થયા છે." પજ્જોએ પૂછ્યું "કેમ?" દૂતે કહ્યું "તેની પાસે એવો મુકુટ છે કે જે પહેરવાથી તે બે મોઢાવાળો થાય છે." પજ્જોયને મુકુટનો લોભ લાગ્યો. તેણે દોમ્મુહ રાજાને દૂત મોકલ્યો કે "મને આવો ઉત્તમ મુકુટ મોકલો. જો ન મુકો તો યુદ્ધ માટે તૈયાર થાવ." દોમ્મુહ રાજાએ પજ્જોયના દૂતને કહ્યું "હું જે પૂછું તે જો તમે મને આપો તો હું પણ તમને મુકુટ આપું." દૂતે કહ્યું "આપ શું માંગો છો?" રાજાએ કહ્યું "નલગીરી હાથી અને અગ્ગિભીરૂનો સુંદર રથ, શિવા રાણી, અને લોહજંગ લેખક; આ વસ્તુ મને આપો." અને આ પજ્જોયના રાજ્યનો સાર હતો.

૭ દૂત ઉજ્જૈન ગયો. તેણે પજ્જોયને દોમ્મુહનો સંદેશો આપ્યો. પજ્જોય ઘણોજ ગુસ્સે થયો. અને તે ચતુરંગી સેના, બે લાખ હાથી, બે લાખ રથ, અને પચાસ હજાર ઘોડા, અને સાત કરોડ પાયદળ સાથે નીકળી પડ્યો. ધીરે ધીરે વધતાં એ પાંચાલ દેશની સીમા પાસે આવ્યો.

૮ બીજી બાજુ રાજા દોમ્મુહ પણ પોતાની ચતુરંગી સેના સાથે નીકળી પડ્યો અને પજ્જોયની સામે ગયો.

૯ પાંચાલની સીમા ઉપર પજ્જોએ સૈન્યનો ગરૂડ વ્યૂહ બનાવ્યો અને દોમ્મુહે સાગર વ્યૂહ બનાવ્યો. પછી ધીરે ધીરે યુદ્ધ શરૂ થયું.

ઉત્તમ મુકુટને લીધે દોમ્મુહ તો અદ્રશ્ય રહેવા લાગ્યો અને પજ્જોયનું સૈન્ય નાશ પામ્યું. પજ્જોયને બાંધીને શહેરમાં લાવવામાં આવ્યો. તેના પગમાં કડી નાંખવામાં આવી. અને તે ત્યાં સુખથી પોતાનો વખત પસાર કરવા લાગ્યો.

૧૦ એક દિવસે તેણે મદન મંજરીને જોઈ. તેને જોઈને તેને એકદમ પ્રેમ ઉત્પન્ન થયો. આથી પ્રેમના અગ્નિમાં બળતો બળતો ચિંતામાં પડેલો પોતાથી બનતી રીતે તેણે રાત્રિ પસાર કરી. અને પરોઢે તે સભા ગૃહમાં ગયો. રાજાએ તેનો ચ્હેરો અને શરીર કરમાયાં હતાં તે જોયું અને તેથી તેના શરીરના ખબર પૂછ્યા. તેણે જવાબ આપ્યો નહિ. વધારે સમજાવટથી તેને પૂછ્યું, ત્યારે ડુસકે ડુસકે પજ્જોએ કહ્યું, "હે રાજા, જે પ્રેમની અસર હેઠળ હોય, રોગથી ઘસાતો હોય, જે પીધેલો હોય, અને જે મરતો હોય, તેનો શરમ સદંતર ત્યાગ કરે છે. હે રાજા, જો તમે મ્હારૂં કલ્યાણ ઇચ્છતા હો તો તમારી પુત્રી મદન મંજરીને મને આપો. નહિ તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ."

૧૧ આથી તેનો ઠરાવ જાણીને દોમ્મુહે મદન મંજરીને તેને આપી. શુભ દિવસે અને શુભ ઘડિએ લગ્ન ઉજવવામાં આવ્યાં. ત્યાં થોડા એક દિવસ રહીને અને વિદાયમાન પામીને પજ્જોય ઉજ્જેની ગયો.

૧૨ એક દિવસે ઇન્દ્રનો મહા ઉત્સવ આવ્યો. દોમ્મુહ રાજાએ શહેરીઓને હુકમ કર્યો, "ઇંદ્રધ્વજને ઉંચકો." ત્યારે માંગલિક આનંદના અવાજોથી સફેદ ધ્વજ પતાકાવાળો અને ઘંટોથી શણગારાએલો, સુંદર ફુલોના હારો જ્યાં લટકાવવામાં આવ્યા હતા, હીરા માણેકથી શણગારાએલો, અને જુદી જુદી જાતનાં ફળોથી શણગારાએલો ઇન્દ્રધ્વજ ઉંચકવામાં આવ્યો.

૧૩ નર્તકી નાચવા લાગી. ઉત્તમ કવિઓનાં કાવ્યો ગવાવા લાગ્યાં, લોકોનાં ટોળાં નાચવા લાગ્યાં, જાદુગરો નજરબંધીના ખેલો કરવા લાગ્યા, સોપારી વગેરે આપવામાં આવ્યાં. કપૂર અને કેશર મિશ્રિત પાણી છાંટવામાં આવ્યું અને મૃદંગ વાજિંત્ર વાગવા લાગ્યાં.

૧૪ આવી રીતે અતિ આનંદમાં સાત દિવસ વીતી ગયા. પૂર્ણિમા આવી. પુર ભપકામાં દોમુહ રાજાએ પુષ્પવસ્ત્ર વડે ગીતના મહાધ્વનિ વચ્ચે ઇન્દ્રધ્વજની પૂજા કરી. પણ બીજે દિવસે તે જમીન પર પડેલો જોયો. તે લોકોએ મળમૂત્ર અને દુર્ગંધવાળી વસ્તુઓથી બગાડેલ, ભૂમિ પર પડેલો રાજાએ જોયો. તેણે વિચાર્યું, "વિજળીના ચમકારા જેવાં ક્ષણભંગુર અને અંતે દુઃખ જેવાં સુખ ઉપર ધિક્કાર હો."

૧૫ આમ વિચારીને તે જાગૃત થયો અને સિદ્ધિને પામ્યો. પાંચ મુઠિઓ વડે પોતાના વાળનું લોચન કરીને તે સાધુ થઇ ગયો. કહેવાયું છે તે 'ઉત્તમ વિભુષિત બનેલા ઇન્દ્રધ્વજને પડેલો અને બગડેલો જોઇને પાંચલના રાજાએ જે સંપત્તિ જોઈ તે સંપત્તિ નહિ પણ તેણે ઉત્તમ ધર્મનું દર્શન કર્યું હતું.'

નમીરાજા

૧ હવે નમી રાજાનું જીવન. આજ ભરત દેશમાં અવંતી દેશમાં સુદર્શન નામક નગર હતું. અને ત્યાં મણિરથ નામનો રાજા હતો. તેનો ભાઇ જુગબાહુ યુવરાજ હતો. તેને મદનરેખા નામની અદ્વિતીય સુંદર પત્ની હતી. તે અતિ સુંદર શ્રાવિકા હતી. તેનો પુત્ર ગુણવાળો ચંદજશ નામનો હતો.

૨ એક દિવસે મદનરેખા જોઇને મણિરથે વિચાર કરવા માંડયો "મારો આની સાથે સંયોગ કેમ થાય? અથવા હુંજ પહેલાં એને પ્રેમ કરીશ. પછી તેના મનના વિચાર જાણીને યોગ્ય રીતે વર્તીશ." આવી રીતે વિચારીને તેણે તેને પ્રેમ કરવાનું શરૂ કર્યું. ફુલો, કેસર તાંબુલ, વસ્ત્ર, ઘરેણાં અને એવું એવું તે મુકવા લાગ્યો. પણ પેલીના હૃદયમાં સ્હેજ પણ દુષ્ટ વિચાર ન હતો. આમ સમય વિતવા લાગ્યો.

૩ એક દિવસે મણિરથે મદનરેખાને કહ્યું, "હે સુંદર સ્ત્રી, જો તું મને તારા પુરૂષ તરીકે મને સ્વીકારીશ તો મારા આખા રાજ્યની માલીક બનીશ." તેણે કહ્યું, "નપુંસકતાથી દૂર રહીને તમે આગલાં કર્મોને

લીધે મારા કહેવા વગર પણ પુરૂષાતન મેળવ્યું છે. પણ રાજ્યની માલિકી માટે તમારા ભાઈ યુવરાજની પત્ની તરીકે મારી પાસેથી તે નામ કોણ ખૂંચવી શકે? અને વધારામાં જે લોકો ઉત્તમ હોય છે તે મરણનાં દુઃખને ઉત્તમ ગણે છે. પણ તેઓ કદાપિ આ લોક અને પરલોકની વિરૂદ્ધ કંઈ કરતા નથી. કારણ કે જીવોની હિંસા કરીને અસત્યથી, ચોરી કરીને પર પત્નીની ઇચ્છા કરીને, મનુષ્યો નર્કમાં જાય છે. માટે હે રાજા! આવી સ્થિતિને લીધે તમારો દુષ્ટ વિચાર છોડી સદ્‌વર્તનથી ચાલો." આવું સાંભળીને તે શાંત ઉભો રહ્યો. અને વિચાર્યું, "જ્યાં સુધી જુગબાહુ જીવે છે, ત્યાં સુધી તે બીજો માણસ ઇચ્છશે નહિ માટે હું પેલાને ગુપ્ત રીતે મારી નાખીશ અને પછી બળાજબરીથી આને પકડીશ. બીજો કોઈ ઉપાય નથી."

૪ એક દિવસ મદનરેખાએ સ્વપ્નમાં ચંદ્ર જોયો. અને પોતાના પતિને આ વાત કહી. તેથી તેણે કહ્યું, "હે સુંદરી! આખી ધરતિ ઉપરના આકાશના ચંદ્ર જેવો તને પુત્ર અવતરશે." પછી તે ગર્ભીણી થઇ. અને ત્રીજે મહીને તેને સીમંત સમયની ઇચ્છા થઈ "જો હું જીણેશ્વર સાધુઓની પૂજા કરૂં, અને તીર્થંકરોની વાણી સાંભળું તો ઠીક." આથી આ પ્રમાણે તેની ઇચ્છા સંતોષાઇ. અને તેણે સુખથી ગર્ભ ધારણ કર્યો.

૫ એક દિવસે વસંતઋતુમાં મણિરથ સાથે જુગબાહુ આનંદ કરવાને માટે બાગમાં ગયો. ખાદ્યપેય પદાર્થો ખાવામાં તે લીન હતો, ત્યારે પર્વતની પાછળ સૂર્યનારાયણ આથમી ગયા, અને પૃથ્વીનો પટ અંધકારથી છવાઇ ગયો. આથી જુગબાહુ બાગમાંજ રહ્યો.

૬ મણિરથે વિચાર્યું "આ ખરેખરી તક છે. એક તો જુગબાહુ નગરની બહાર ઉદ્યાનમાં રહે છે, બીજું તેની પાસે થોડા ચાકરો છે, ત્રીજું રાત્રિ છે, ચોથું ઉદ્યાન ગાઢ અંધકારથી ઘેરાયેલું છે. માટે ચાલ હું જાઉં અને તેને મારી નાંખુ. પછી હું મદનરેખા

સાથે બીક વગર મઝા કરીશ." આવું વિચારીને તેણે એક ખડ્ગ લીધું, અને બાગમાં ગયો.

૭ પ્રેમ ક્રીડા પછી જુગબાહુ કેળની લતા નીચે સૂતો હતો. ચારે બાજુએ ચાકરો બેઠા હતા. મણિરથે તેમને કહ્યું, "જુગબાહુ ક્યાં છે?" તેઓએ તે કહ્યું. તેણે કેળની લતામાં પ્રવેશ કર્યો અને કહ્યું "હું તો અહીંયા તેને રાત્રે દુશ્મન કોઇ હેરાન ન કરે તે માટે આવ્યો છું" જુગબાહુ ગભરાઇને જાગ્યો અને વંદન કર્યાં. મણિરથે તેને કહ્યું, "ઉઠો, અહીંયા આટલું રહેવું બસ છે. ચાલો આપણે નગરમાં જઇએ." આથી જુગબાહુએ ઉઠવા માંડયું. દરમિઆન સાવધાન મને મણિરથે તીક્ષ્ણ તલવાર વડે ખાંધ ઉપર ઝટકો માર્યો. તેને શું કરવું અને શું ન કરવું તેની ખબર ન હતી; લોકોના ઠપકા ન ગણકારી તેને પરલોકનો ભય ન હતો. તે સખત ફટકાનાં દુ:ખથી આંખ મીંચીને જમીન ઉપર પડયો. મદનરેખાએ દુ:ખની મદદ માટે ચીસ પાડી, "ખૂન! ખૂન!" આથી તલવારો ખેંચીને નોકરો દોડતા આવ્યા. તેઓએ પૂછયું, "આ શું છે?" ત્યારે મણિરથે કહ્યું, "ભૂલથી મારા હાથમાંથી તલવાર પડી ગઇ. હે સુંદરી! હવે ડર ન રાખ."

૮ ત્યારે આ મણિરથનું કાર્ય છે, એમ જાણી નોકરો મણિરથને જોરજુલમથી નગરમાં લાવ્યા. તેઓએ ચંદ્રજસને જુગબાહુની વાત કરી. દયા ભરેલું આક્રંદ કરીને ઘણા વૈદ્યો લઇને તે ઉદ્યાનમાં ગયો. વૈદ્યોએ ઘા સાફ કર્યો. થોડા વખત પછી વાણી અદ્રશ્ય થઈ ગઈ, અને બે આંખો બિડાઇ ગઇ. અંગો અચેતન થઇ ગયાં. અને આખું શરીર લોહીના વહેવાથી સફેદ થઇ ગયું.

૯ હવે મરણોન્મુખ જાણીને મદનરેખા જુગબાહુના કાન પાસે બેઠી અને પોતાના પતિને ધીમેથી અને નરમાશથી કહેવા લાગી, "હે દેવ, તમારૂં ચિત્ત શાન્ત રાખો. કોઈ પ્રત્યે પણ ધિક્કાર ઉત્પન્ન ના કરો. પ્રત્યેક પ્રત્યે દયા બતાવો, તમે ચાર આશ્રયને સ્વીકારો,

તમારાં પાપને નિંદો અને તમારાં કર્મોને લીધે આવી પડેલ આ વિપત્તિને બરાબર ધારણ કરો. કહેવાય છે કે બીજા ભવમાં કંઈપણ કૃત્ય કરાયલું હોય અને આ ભવનું હોય તોપણ તે પોતાનેજ ભોગવવું પડે છે. બાકી બીજાનું તો માત્ર કારણ ભૂતજ થાય છે. માટે બીજા ભવની મુસાફરી માટે ભાથું બાંધો. અને સર્વજ્ઞ પ્રભુ પ્રત્યે શ્રદ્ધા કેળવો અને ઉત્તમ સત્ય માનો, અને ગુણભંડાર અને તપસ્વી તીર્થંકરોને તમે અનુસરો. અને વળી ત્રણે રીતથી (મન, વચન, કર્મ) જીવની હિંસા, અસત્ય, ચોરી, વિષયસુખ, અને સંપત્તિનો ત્યાગ કરો. વળી પાપની અઢાર ક્રિયાનો પશ્ચાતાપ કરો અને સંસારની રીતિ જોઈ તમારાં મનમાં પ્રાર્થના યાદ કરો. કારણ, પંચ નમસ્કારવેળા જેના દશ પ્રાણ સાથે જાય છે તે ખરેખર મુક્તિ ન મેળવે તોપણ વૈમાનીય દેવ તો થાય છેજ. આવી રીતે દરેક મોહનો ત્યાગ કરો. કારણ પિતા, માતા, પુત્રો, બંધુઓ, મિત્રો, સ્નેહીઓ, ધનના ઢગલા દુઃખિત સંસારી જીવનમાં મુદ્દલ આશ્રય આપતાં નથી. મહાવીર સ્વામીએ ઉપદેશેલો સુખભંડારસમો ધર્મજ આ જન્મ, જરા, અને મરણથી પીડાતા સંસારમાં આશ્રય સ્થાન છે."

૧૦ કળીની માફક જોડેલા હાથ માથા ઉપર મૂકી જુગબાહુએ આ બધું ગ્રહણ કર્યું. થોડાજ વખતમાં તે મૃત્યુ પામ્યો, અને ઉન્નત માનસિકવૃત્તિને પામ્યો. પછી ચંદજશ શોક કરવા લાગ્યો.

૧૧ મદનરેખાએ વિચાર્યું, "આવાં દુઃખ ઉપજાવનારાં સૌન્દર્યપર ધિક્કાર હો! હવે આ દુષ્ટ ખરેખર મારી ઇચ્છા વિરુદ્ધ પણ મારૂં ચારિત્ર્ય અભડાવશે. માટે અહીં આટલું રહેવું બસ છે. બીજે દેશ જઈ પરલોકનું મારૂં હિત કરીશ. નહિતર આ પાપી મારા પુત્રને પણ મારી નાખશે.

૧૨ આમ તેણે વિચાર્યું અને જ્યારે ચંદજશ અને બીજાનાં હૃદયો શોકાતુર હતાં તે વખતે મધરાત્રિએ તે બાગમાંથી નીકળી. તે વખતે તેનું મન શોકથી વ્યગ્ર હતું. તે પૂર્વ તરફ ગઈ અને એક

મોટાં જંગલમાં પહોંચી. તે ચાલતી હતી ત્યાં રાત્રિ વીતી ગઈ. મધ્યાન્હે તે એક કમલસર પાસે પહોંચી. વનનાં ફળથી તેણે પોતાનું જીવન ટકાવ્યું. ઉચો ખોરાક તજીને તે કેળની લતા નીચે મુસાફરીના થાકથી સૂતી. રાત્રિ આવી. વાઘ, સિંહ, વરાહ, લોંકડીઓ ભયંકર ચીસો પાડવા લાગ્યાં. આમ જ્યારે જંગલી પશુઓની ચીસોથી બીક પામીને તે પ્રાર્થના ઉપર મનન કરતી હતી તે વેળા મધ્યરાત્રિએ તેનાં પેટમાં દુઃખ થયું. અસહ્ય દુઃખમાં તેણે ગુણાલંકૃત પુત્રને જન્મ આપ્યો. અને પરોઢે ઉત્તમ કામળામાં વીંટી અને ગળાંની આસપાસ જગબાહુનાં નામની મુદ્રા લટકાવી તે સુંદર સરોવરે ગઈ. ત્યાં વસ્ત્રો ધોયા પછી તે ન્હાવા માટે ઉતરી.

૬૩ આ વેળા મરણ દેવ જેવો એક જળહાથી પાણીની અંદરથી એકદમ જોરથી ધસ્યો. તેણે પોતાની સૂંઢ વડે તેને પકડી અને હવામાં ઉછાળી. વિધિની ગતિને લીધે એક યુવાન વિદ્યાધરે તેને જોઈ. તે નંદીસર જતો હતો. તે સુંદર છે એમ વિચારી તે કરૂણ રડતી રડતી પાણીમાં પડતી હતી તેને તેણે પકડી. પછી તેને વૈયઢ્ઢ પર્વત ઉપર લઈ ગયો. રડતે રડતે તેણે કહ્યું, "હે દેવ, મેં આજે જંગલમાં એક પુત્રને જન્મ આપ્યો છે. તેને કેળની લતાની નીચે મૂકી હું કમળ સરમાં ઉતરી, ત્યાં જળહાથીએ મને ઉછાળી અને તમે પકડી છે. હવે પેલો દિકરો કોઈ જંગલી પશુ મારી નાંખશે અથવા ખોરાક વિના તે પોતાની મેળે મરી જશે. માટે હે મહાનુભાવ, મને તે બાળક આપીને કૃપા કરો. ઢીલ ન કરો. મારો પુત્ર અહીં લાવો અથવા મને ત્યાં લઈ જાવ."

૬૪ યુવાન વિદ્યાધરે જવાબ આપ્યો, "જો તું મને તારા પતિ તરીકે સ્વીકારે તો હું તું કહે તેમ કરીશ. વધારામાં ગંધાર દેશમાં રયણવાહ નગરમાં મણિચૂડ નામે એક વિદ્યાધર રાજા છે. અને કમલાવતી તેની પત્ની છે. અને હું તેનો મણિપ્પહ પુત્ર છું બંને કુળ ઉપર ચક્રવર્તીપણું ભોગવીને મણિચૂડને સંસારસુખ ઉપર કંટાળો આવ્યો

છે અને મને રાજ સોંપી ચારણમુનિ પાસે દીક્ષા લીધી છે. અને ફરતાં ફરતાં તે હમણાં અહીં કાલે આવ્યા છે. હમણાં તે વંદન કરવા નંદીસરનાં મંદિરે ગયા છે. હું ત્યાં જતો હતો તે દરમિયાન મેં તને જોઇ છે. માટે હે સુંદરી, બધી સ્ત્રીમાં હું તને પટરાણી બનાવીશ. વળી, અશ્વથી દોરાયલા અને જંગલમાં ભટકતાં મિહીલના રાજાએ તારા પુત્રને જોયો હતો. અને તેણે તે પોતાની પટરાણીને આપ્યો છે. તે તેને પુત્ર માફક ઉછેરે છે. પન્નત્તીનાં જાદુઇ જ્ઞાનથી મેં આ બધું જાણ્યું છે. આનેથી ઉલટું નથી માટે હે સુંદરી! તારો શોક તજી દે, હિંમત ધર, તારાં ચિત્તને શાન્ત કર, અને મારી સાથે રહી તારાં યૌવનને સન્માન."

૧૫ આ સાંભળીને મદનરેખાએ વિચાર્યું, "અહા, મારાં કર્મનાં પરિણામે અનન્ય દુઃખો મારા ઉપર આવી પડે છે. ત્યારે મારે કરવું શું? અને જે માનવી પ્રેમથી ઝકડાયલો હોય છે તેને શું કરવું અને શું ન કરવું તેની ખબર પડતી નથી અને ગુણ અવગુણ વિચારતો નથી, પરલોકનું કંઈ વિચારતો નથી, અને લોકના ઠપકાને ગણકારતો નથી. માટે આવી જ્યાં વસ્તુસ્થિતિ છે તો મારે કોઇ પણ વિક્ષેપથી મારાં ચારિત્ર્યની રક્ષા કરવીજ જોઇએ" આવું વિચારીને તેણે પેલા ખેચર દેવતાને કહ્યું, "હે સત્ય પુરુષ, તમે મને નંદીસરના સુંદર બેટ ઉપર લઇ જાવ. ત્યાં હું તમને ગમે તે કરીશ."

૧૬ આથી હસિત મને તેણે એક વિમાન બનાવ્યું. મદનરેખાને અંદર બેસારી, તે નંદીસર બેટ ગયો. ત્યાં જીણિન્દનાં બાવન સુંદર મંદિરો છે. કહેવાય છે કે નંદીસર બેટમાં બાવન જૈન મંદિરો છે. ચાર ચારે અંજન પર્વત ઉપર, સોળ સોળ દહીમુહ ટેકરીઓ ઉપર અને બત્રીસ રઇકિર ઉપર. તેઓ સો યોજન લાંબાં, પચાસ યોજન પહોળાં અને બોત્તેર યોજન ઉંચા છે.

૧૭ પછી મણીપ્પહ અને મદનરેખા વિમાનમાંથી ઉતર્યાં અને પૂજા કરી પછી ઉરીભ, વર્ધમાન, ચંદાનન, અને વારિસેન નામના ઉત્તમ

જિણિન્દોને વંદન કર્યાં. તેઓએ ચારણમુનિ મણીચૂડને વંદન કર્યાં અને તેમની પાસે નીચે બેઠાં. તે પવિત્ર પુરુષ ચતુર્જ્ઞાની હતા. મદનરેખાનું દુઃખ જાણીને તેણે મણીપ્પહને ધાર્મિક ઉપદેશથી શાન્ત કર્યો. તેણે મદનરેખાની ક્ષમા માંગી અને કહ્યું, "આજથી તું મારી બ્હેન છો; હવે મારે શું કરવું તે કહે." તેણે કહ્યું, "તમે મને નંદીસરની પવિત્ર જગા બતાવી મારે માટે બધું કર્યું છે." અને તેણે મુનિને કહ્યું, "હે મુનિ, હવે મને મારા પુત્રની ખબર આપો." મુનિએ કહ્યું "સાંભળ

૧૮ "જંબુદ્વીપના પૂર્વમાં વિદેહમાં પુખ્ખલાવઇ પ્રદેશમાં મણીતોરણ નામનું નગર હતું ત્યાં અમીયજસ નામનો ચક્રવર્તી રાજા હતો. તેની પત્ની પુષ્પાવતી. તેને બે પુત્રો પુષ્પસિંહ અને રત્નસિંહ થયા. અને આગલાં ચોર્યાસી લાખ વર્ષ સુધી ચક્રવર્તીપણું ભોગવ્યા પછી સંસારનાં દુઃખથી બીને ચારણમુનિની પાસે તેઓએ આગલાં સોળ લાખ વર્ષ સુધી સાધુ જીવન બરાબર ગાળીને ત્યાંથી ચ્યૂત થઈ તેઓ અચ્યૂત સ્વર્ગમાં બાવીશ સાગરો વર્મ આયુષ્યવાળા ઇંદ્ર સામાણીય દેવતા તરીકે જન્મ્યા.

૧૯ "ત્યાં દેવ તરીકે આનંદ કર્યા પછી ત્યાંથી ચ્યૂત થઈ ભારત દેશના ધાદ્દયસંડ વિભાગમાં અર્ધ ચક્રવર્તી રાજા હરિસેનની રાણી સમુદ્રદત્તાના પુત્ર તરીકે જન્મ્યા. એકનું નામ સાગરદેવ હતું અને બીજાનું નામ સાગરદત્ત હતું. અને રાજ્યવંશી શોખ નાશવંત છે તેવું જાણીને તેઓએ જ્યારે માનનીય દઢ્ઢસુવ્વય જે ત્રણ લોકના બારમા ઉપાધ્યાય હતા તેનું તંત્ર પુરૂં થયું ત્યારે ઉત્તમ મુનિની દીક્ષા લીધી. ત્રીજેજ દિવસે વિજળી પડવાથી તેઓ મરી ગયા અને સત્તર સાગરોવમ આયુષ્યવાળા થઈને તેઓ મહાશુક્ર સ્વર્ગમાં જન્મ્યા. તેઓ દૈવી સુખ ભોગવતા ભોગવતા પોતાનો સમય પસાર કરવા લાગ્યા. એક દિવસે બાવીસમા તીર્થંકરના કેવલી મહિમા માટે તેઓ ગયા. અને ત્યાં તેમણે પવિત્ર ભગવાનને પૂછ્યું, "સ્વર્ગમાંથી

ચ્યૂત થયા પછી અમે ક્યાં જન્મશું ?" ત્યારે મુનિએ જવાબ આપ્યો, "આજ ભારતદેશના મિહિલ દેશમાં તમારામાં એક રાજા જયસેનનો પુત્ર થશે, પણ બીજો સુદર્શન નગરમાં કુમાર યુગબાહુની પત્ની મદનરેખાનો પુત્ર થશે. ખરેખર તો તમે પુત્ર અને પિતા થશો." આવું સાંભળીને તેઓ સ્વર્ગમાં ગયા.

૨૦ "તેમાંનો એક મિહિલ નગરમાં જયસેન રાજાની રાણી વનમાલાના ગર્ભમાં ઉત્પન્ન થયો અને યોગ્ય સમયે જન્મ્યો. તેનું નામ પઉમરહ પાડ્યું. અને જ્યારે તેણે જુવાનીમાં પ્રવેશ કર્યો, ત્યારે તેના પિતાએ રાજ્ય તેને સોંપી દીધું અને પોતે દીક્ષા લઈ લીધી અને તે પઉમરહ મોટા રાજાઓનો પણ રાજા થયો. તેની પત્ની પુષ્પમાલા નામની છે અને ત્યાં પોતાનું રાજ્ય પાલન કરીને તે પોતાનો સમય પસાર કરે છે.

૨૧ "બીજો દેવ ત્યાંથી યોગ્ય સમયે ચ્યૂત થઈને તમારા પુત્ર તરીકે જન્મ્યો છે. અને તે પઉમરહે ખોટી રીતે કેળવાયલા ઘોડાથી દોરાઈ આ જંગલમાં પ્રવેશ કર્યો હતો. અને આમતેમ ફરતાં ફરતાં આજે સવારે તેણે તમારા પુત્રને જોયો. પૂર્વભવના સ્નેહને લઈને તેણે તેને અતિ આનંદી મને લઈ લીધો. આ દરમ્યાન તેનું સૈન્ય પણ આવી પહોંચ્યું અને તેની પાછળ ગયું. આથી તે હાથી ઉપર બેસીને પોતાને નગર ગયો તેણે તે કુમાર પુષ્પમાલાને સોંપ્યો. જન્મ ક્રિયા કરવામાં આવી હતી. હવે તે ત્યાં પ્રેમ વચ્ચે ઉછેરે છે."

૨૨ જ્યારે મુનિ આમ વાત કરતા હતા ત્યાં એક રત્નજડીત સ્થંભ વાળું, મોતીની સેરવાળું, દ્વાર ઉપર અસંખ્ય મોતીજડેલ, પાસાદાર, બેઠકવાળું, નાના પ્રકારની ઘંટડીના મધુર અવાજવાળું, આખાં વાતારણને મધુર સંગીતથી ભરી દેતું અમર નર્તકીના જય જય પોકારવાળું એક વિમાન આવી પહોંચ્યું. તેમાંથી સુંદર રત્નજડીત મુકુટ પહેરેલા, રત્નનાં કુંડળ પહેરેલા, તેજસ્વી માળાથી ચકચકતી છાતીવાળા એક દેવતા ઉતર્યા. તેમણે મદનરેખાને જમણી બાજુએ

રાખી ત્રણ વખત પ્રદક્ષિણા ફરી અને તેને પગે પડ્યા. પછી તેણે મુનિના બંને પગને વંદન કર્યું અને નીચે બેઠા.

૨૩ ત્યારે દેવનો અવિનય જોઇને વિદ્યાધરે કહ્યું, "દેવો અને રાજાઓએ રાજાઓનું વર્તન નક્કી કર્યું છે જ્યાં તેઓજ ભૂલ કરે તો બીજાની તો ભૂલ પણ શે કહેવાય? હે દેવ, તમે પહેલાં શા માટે જેની દષ્ટિ માત્રથી અજ્ઞાનનો નાશ થાય તેવા, જે ક્રોધ અને એવાં લાંછનોથી પર છે, જેણે પાંચ ઇન્દ્રીયને વશ રાખી છે, જેને અભિમાન નથી, ને ઉત્તમ જ્ઞાન અને ધર્મવાળા છે, ને ઉત્તમ સંયમી અને તપસ્વી છે એવા આ મુનિને મૂકી આ સ્ત્રીને વંદન કર્યું?"

૨૪ દેવે કહ્યું, "હે ખેચરાધીશ, તમે જે કહો છો તે સત્ય છે, પણ આનું કારણ સાંભળો.

૨૫ "સુદર્શન નગરમાં મણિરથ નામનો રાજા હતો. તેને જુગબાહુ નામનો ભાઈ હતો. અને પૂર્વજન્મનાં કોઈ વેરને અંગે પોતાનાજ ભાઇ મણિરથને હાથે જ્યારે તે વસંતઋતુમાં બાગમાં ગયો હતો ત્યારે તે તલવારવડે તે ઝડપાયો હતો. જ્યારે તેના પ્રાણ ગળામાં આવી રહ્યા હતા ત્યારે આ મદનરેખાએ જૈન ધર્મનાં પ્રવચનથી ધિક્કારની લાગણી બંધ કરાવી હતી. આથી ધર્મની યોગ્યતા મેળવી તે મૃત્યુ પામ્યો અને દશ સાગરોવય આયુષ્યવાળા ઇંદ્ર સામાણીય દેવ તરીકે પાંચમાં સ્વર્ગમાં જન્મ્યો. અને હું તે છું. આ સ્ત્રી મારી ધાર્મિક ઉપદેશક છે, કારણ તેણેજ મને શુદ્ધ ધર્મવાળો જૈન ધર્મ સ્વીકારાવ્યો. કારણ, ગૃહસ્થ કે સાધુ જે માત્ર ધર્મમાંજ લીન રહે છે તેજ ધાર્મિક આચાર્ય ધર્મના જ્ઞાનને લઇને થાય છે. માટેજ મેં તેને વંદન કર્યાં; વળી સમ્યક ધર્મના દાતાના ઉપકારો પાછા વાળવા તે કરોડો ઉત્તમ પ્રકારની સેવાઓથી પણ મુશ્કેલ છે.

૨૬ આ સાંભળી ખેચરે વિચાર્યું, "વાહ શું જૈન ધર્મની મહત્તા છે! વળી, અનંત સંસારમાં માનવીઓ ઉત્તમ જિણિન્દ્રોએ ઉપદેશેલો ધર્મ સ્વીકારતા નથી તેઓ ઘણાજ દુ:ખના અધિકારી થાય છે.

૨૭ દેવતાએ મદનરેખાને કહ્યું, "હે સહધર્મી, તને પ્રિય હોય એવું કયું સુખ છે તે હું કરૂં! તે મને કહો." તેણે કહ્યું "મ્હને પ્રિય છે એવું સુખ તમે આપવા ખરેખર શક્તિમાન નથી. જન્મ ઘડપણ, મરણ, રોગ, અને શોકથી મુક્ત, મુકિતનું સુખ મ્હને પ્રિય છે. છતાં હે દેવાત્મા, મને તમે મિહિલા લઈ જાવ. ત્યાં મ્હારા પુત્રનું મ્હોં જોઈ હું મ્હારા બીજા ભવનું કલ્યાણ કરીશ."

૨૮ આથી તરત જ તેને દેવ મિહિલા લઈ ગયા. અને તે મિહિલા ત્રણે લોકના આચાર્ય નામિનાથ, અને મલ્લિનાથનું જન્મ, દીક્ષા અને જ્ઞાન પ્રાપ્તિનું સ્થાન હતું. તેથી તે પવિત્ર પવિત્ર સ્થળની ભકિતને લીધે તેઓ પહેલાં મહાવીર સ્વામીનાં મંદિર પાસે ઉતર્યાં અને મંદિરોની પૂજા કરી. ત્યાં મઠમાં તેઓએ સાધ્વિ જોઈ અને તેમણે ઉપદેશ આપ્યો કે માનવ જન્મ મેળવ્યા પછી અને ધર્મ, અધર્મનું પરિણામ જાણ્યા પછી દરેક પૂર્ણ સુખનાં કારણરૂપ ધર્મની રીતને અનુસરવું.

૨૯ આવા ધર્મના ઉપદેશ પછી દેવતાએ મદનરેખાને કહ્યું, "ચાલો આપણે રાજાના મહેલમાં જઈએ. ત્યાં હું તમને તમારો પુત્ર બતાવીશ." તેણે કહ્યું, "સંસારની આટલી માયા બસ છે. વધારામાં બધા જીવો સગા છે, અને બધા જીવો અજાણ્યા પણ છે. જે જીવ આ સંસારમાં એકાકી છે તેને સગાંનો મોહ શું કરી શકે? હવે હું દીક્ષા લઈશ. તેથી તમારે જે કરવું હોય તે કરો." તેથી તે દેવ સાધ્વિઓને અને મદનરેખાને નમન કરી પોતાનાં સ્વર્ગમાં ચાલ્યો ગયો. પેલીએ સાધ્વીઓની પાસે દીક્ષા લીધી. સુવ્રયા નામ ધારણ કરીને તે તપ અને સંયમ પાળીને રહેવા લાગી.

૩૦ હવે પેલો કુમાર પઉમરહ રાજાને ત્યાં સુખેથી રહેવા લાગ્યો. પેલા રાજાના બીજા કુમારો નીચા થઈ ગયા. હવે તે રાજાએ તેના ગુણવાળું નામ નમી પાડ્યું. પછી પાંચ ધાવો વડે તે સુખથી ઉછેરાવા લાગ્યો. જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે બતાવતાંની

સાથેજ કલા અને વિજ્ઞાનમાં તે પારંગત થઈ ગયો. ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલી અને પોતાનાં સૌંદર્યથી દેવીઓથી વીંટળાએલી એક હજાર આઠ યુવતીને તે પરણ્યો, અને દેવેન્દ્રની માફક તેમની સાથે સુખ ભોગવતો પોતાનો સમય પસાર કરવા લાગ્યો,

૩૧ અને સંસારની ક્ષણભંગુરતા જોઇને પઉમરહ રાજાએ નમીકુમારને વિદેહ દેશની રાજગાદી આપી પોતે સંયમ કેળવ્યો, ઉત્તમ જ્ઞાન અને ધર્મ પ્રાપ્ત કર્યાં, અને ત્રણે લોકની ઉપર જઈ રહ્યો. રાજા નમી પોતાના રાજ્યનું રક્ષણ કરતો કરતો વખત પસાર કરવા લાગ્યો.

૩૨ હવે પેલો મણિરથ તેજ રાત્રે સાપના કરડવાથી મરણ પામ્યો. તે ચોથાં નર્કમાં નર્કવાસી તરીકે જન્મ્યો. આથી સલાહકારો અને ભાયાતોએ ચંદ્રજશને રાજા બનાવ્યો. તેણે બન્ને ભાઇઓનું માન સાચવ્યું અને પોતાના રાજ્યનું રક્ષણ કરવા લાગ્યો.

૩૩ હવે એક દિવસે નમી રાજાના આખા રાજ્યમાં ઉત્તમ એક સફેદ હાથી બંધન સ્થંભ તોડીને વિંધ્યનાં જંગલો તરફ નીકળી ચુક્યો. અને તે સુદર્શન નગરની પાસેથી નીકળ્યો. રાજા ચંદ્રજશ ઘોડેસ્વારીનાં મેદાનમાં ગયો હતો ત્યારે તેના માણસોએ હાથીને જોયો અને આ વાત રાજાને કહી. તેણે તેને પકડ્યો, અને નગરમાં લઈ ગયો. ત્યાં તે રહ્યો. આવું જાણીને ગુપ્તચરોએ રાજા નમીને કહ્યું, “સફેદ હાથીને ચંદ્રજશે કેદ કર્યો છે. હે મહારાજા, હવે શું કરવું તે નક્કી કરો.”

૩૪ નમીરાજાએ દૂત મોકલી સંદેશો કહેવડાવ્યો, “આ સફેદ હાથી મારો છે, તેને મોકલી આપો.” દૂત તો ગયો અને ચંદ્રજશને નમીના શબ્દો કહ્યા. ચંદ્રજશે જવાબ આપ્યો, “કોઈ પણ કીંમતી વસ્તુ ઉપર કોઇના નામના અક્ષર નથી કોતરેલા હોતા. એ તો જે બળમાં ચઢિઆતો હશે તેનોજ રહેશે. વધારામાં ધરતી કોણ આપે છે? કોને અપાય છે? કોને તે વારસામાં આપે છે? અને કોને તે બંધાય છે? એ તો દુનિયામાં જે રાજાઓ શક્તિશાળી હોય તેજ ભોગવે છે.”

૩૫ આથી અપમાનિત દુત મિહિલ પાછો આવ્યો. તેણે રાજાને ચંદજશના શબ્દો કહ્યા નમી ગુસ્સે થયો અને પોતાનાં સઘળાં સૈન્ય સાથે ચંદજશ સામે નીકળ્યો.

૩૬ હવે ચંદજશ પણ નમી રાજાને આવતો જાણીને સામી દિશામાંથી પોતાનાં પૂર્ણ લશ્કર સાથે નીકળી ચૂક્યો. પણ અપશુકનથી અટક્યો. ત્યારે સલાહકારોએ ચંદજશને કહ્યું, "પહેલાં નગરનાં દ્વાર બંધ કરો અને થોભો. પછી બરાબર યોગ્ય સમયે આપણે નીકળીશું." રાજાએ હા કહી અને આમ રાજા નમી આવ્યો અને ચારેબાજુથી નગરને ઘેરો ઘાલ્યો.

૩૭ લોકોની અફવાઓ ઉપરથી ઉત્તમ સુવ્વયાએ આ સાંભળ્યું. તેણે વિચાર્યું. "આખા દેશનો નાશ કરીને તેઓની અધોગતિ ન થાય તો ઠીક. તેથી હું જઈને બન્નેને શાંત પાડીશ." પછી મુખ્ય સાધ્વીની રજા લઈને સુદર્શનપુર તે સાધ્વીઓ સાથે ગઈ. ત્યાં તેણે નમી રાજાને જોયો. તેણે તેને મુખ્ય બેઠક આપી. નમી રાજા તેને પગે પડ્યો, અને નીચે બેઠો. અને આ ઉત્તમ સાધ્વીએ પૂર્ણ સુખ આપનાર મહાવીર સ્વામીના ધર્મનો ઉપદેશ કર્યો. ઉપદેશ પછી તેણે કહ્યું, "રાજવંશી ભપકો નકામો છે. અને ઇન્દ્રિય સુખ પરિણામે ભયંકર છે. જે લોકો ના પાડેલી વસ્તુઓ અને પાપ કરે છે તેઓને ઘણુંજ દુઃખભર્યાં નર્કમાં સબડવું પડે છે. માટે આવી વસ્તુ છે તો યુદ્ધમાંથી પાછા ફરો. વળી મોટાભાઈની સાથે કેવી જાતનું યુદ્ધ થાય?" નમી રાજાએ પૂછ્યું, "મ્હારો મોટો ભાઈ શી રીતે?" ત્યારે સાધ્વીએ પૂરતા પુરાવા સાથે સત્ય હકીકત કહી. છતાં પણ અભિમાનને લઈને તે યુદ્ધમાંથી પાછો ફર્યો નહિ.

૩૮ આથી મુખ્ય દરવાજાની બારીમાંથી સાધ્વીએ નગરમાં પ્રવેશ કર્યો અને રાજ્યમહેલમાં ગઈ. જ્યારે તે દાખલ થઈ ત્યારે નોકરોએ તેને ઓળખી. ચંદજશ રાજાએ તેને વંદન કરી મુખ્ય બેઠક આપી, અને તે જમીન ઉપર બેઠો. અંતઃપુરની સ્ત્રીઓએ આ સાંભળી,

તેઓ પણ આંખમાં આંસુ વર્ષાવતી આવી અને સાધ્વીને પગે પડી જમીનપર બેઠી. ચંદ્રજશે કહ્યું, "હે સાધ્વી! પાળવી અતિકઠીન એવી આ માનતા શા માટે?" સાધ્વીએ પોતાની હકીકત કહી. ચંદ્રજશે કહ્યું, "મ્હારો તે ભાઈ હમણાં કયાં છે?" સાધ્વીએ કહ્યું, "જેણે ઘેરો ઘાલ્યો છે તેજ છે." આથી આનંદથી ઉત્તેજિત થઈ તે નગરની બહાર ગયો. નમી પણ પોતાના ભાઈને આવતો જોઈ તેની આગળ ગયો. અને મોટાભાઈને પગે પડ્યો. તેને મ્હોટા આનંદ સાથે નગરમાં લઈ ગયા. ચંદ્રજશે આખા અવંતિ દેશના સમ્રાટનાં પદ ઉપર નમીને સ્થાપિત કર્યો અને પોતે દીક્ષા લઈ સુખેથી વિહાર કરવા લાગ્યો.

૩૯ હવે રાજા નમી અતિ કડક રાજા હોઈને બન્ને દેશો ઉપર ન્યાયપૂર્વક ચક્રવર્તિપણું ચલાવતો હતો. લાંબો સમય નીકળી ગયો. એક વખત નમીરાજાના શરીરમાં બળતરા ઉઠી અને તે છ મહિના ચાલી. વૈદ્યોએ તેને છોડી દીધો. અને બંગડીઓથી શણગારેલા હાથે ચોળવાને માટે રાણીઓએ ચંદન ઘસવા માંડ્યું.

બંગડીઓના ખખડાટથી આખો મ્હેલ થનગની ઉઠ્યો. રાજાએ કહ્યું "મ્હારા કાને બંગડીઓના અવાજ અથડાય છે." રાણીઓએ એક પછી એક પોતાની બંગડીઓ લઈ લીધી. માત્ર એકેકીજ રાખી રાજાએ પૂછ્યું, "બંગડી ખડખડતી શા માટે નથી?" ત્યારે તેને કહેવામાં આવ્યું, "તે તો ઉતારી લીધી છે." આથી દુઃખ પામીને તે પરલોકની ઇચ્છા કરી વિચારવા લાગ્યો, "એકમાં નહિ પણ ઘણાંમાંજ દુઃખો છે." કહેવાયું છે કે 'જેમ ઘણી સંપત્તિ અને ઘણો જથ્થો તે સુખ નહિ પણ ઘણુંજ દુઃખ' તેથી જો હું આ બિમારીમાંથી મુક્ત થાઉં તો હું દીક્ષા લઈશ." તે વખતે કાર્તિક પૂર્ણિમા હતી.

૪૦ આવું વિચારીને તે ઉંઘવા લાગ્યો. પ્રભાત થતું હતું ત્યારે તેને એક સ્વપ્ન આવ્યું કે મંદાર પર્વત ઉપરના એક સફેદ હાથી ઉપર પોતે

બેઠો હતો. માંદગીથી મુક્ત થઈ તે ઉત્સવગીતના અવાજોથી જાગી ઉઠ્યો! ખુશ થયો અને અતિ આનંદ પામ્યો. તેણે વિચાર્યું "અહા! મને કેવું સુંદર સ્વપ્ન આવ્યું?" વળી તેણે વિચાર્યું, "મેં પહેલાં આવી જાતનો પર્વત ક્યાં જોયો છે?" જ્યારે તે આમ વિચારતો હતો ત્યારે તેને પોતાનો આગલો અવતાર યાદ આવ્યો. "આગળ માનવ અવતારમાં સાધુ જીવન પામીને હું પુષ્પોત્તર વિમાનમાં જન્મ્યો હતો. ત્યાં દેવ તરીકે જિણિંદોના મહિમા વખતે અને બીજા પ્રસંગોએ મ્હેં મંદાર પર્વત જોયો હતો." આથી તે જાગૃત થયો અને દીક્ષા લીધી.

ઘણી બંગડીઓ અવાજ કરે છે અને એક નથી કરતી એવું જાણીને મિહિલાધીશ નમી રાજાએ દીક્ષા લીધી.

નગ્ગઇ રાજા

૧ હવે નગ્ગઈનું જીવન. આજ ભારત દેશમાં ગાન્ધાર પ્રદેશમાં પોંધવદ્ધણ નામનું નગર હતું. ત્યાં સીહરહ નામનો રાજા હતો.

૨ એક દિવસ તેને ઉત્તરમાંથી બે ઘોડા ભેટ તરીકે આવ્યા. તેના ઉપર સ્વાર થવાને માટે એક ઉપર રાજા બેઠો અને બીજા ઉપર કુમાર બેઠો. આથી તેઓ નગરમાંથી નીકળ્યા અને આખા સૈન્યની સાથે સ્વારીના મેદાનમાં પહોંચ્યા. રાજાએ સ્વારી શરૂ કરી પણ ઘોડાનું શિક્ષણ ખોટું હોવાથી, રાજાએ લગામ ખેંચી કે તરત જ જોરથી દોડવા લાગ્યો. જેમ જેમ તે ખેંચવા લાગ્યો તેમ તેમ તે દોડવા લાગ્યો, અને બાર યોજન જઈને એક મોટાં વનમાં પ્રવેશ કર્યો. આથી દુઃખી થઈને તેણે લગામ ઢીલી મૂકી અને તે જ વખતે ઘોડો ઉભો રહી ગયો. રાજાએ જાણ્યું કે ઘોડાને ઉંધુ શિક્ષણ મળેલું છે. તે ઘોડા ઉપરથી ઉતર્યો તેને ઝાડ સાથે બાંધ્યો, અને આમતેમ ફરવા લાગ્યો, અને ફળ ઉપર પોતાનું જીવન નભાવવા લાગ્યો.

૩ અને રાત્રિએ રહેવાને માટે તે એક પર્વતનાં શિખર ઉપર ચઢ્યો ત્યારે તેણે એક સાત માળાનો મ્હેલ જોયો. ત્યાં તે દાખલ થયો અને એક લાવણ્યવંતી અતિ સુંદર યુવતિ જોઈ. તે સંભ્રમથી ઉઠી, અને રાજાને બેઠક આપી અને બંન્ને વચ્ચે ગાઢ પ્રેમ ઉત્પન્ન થયો.

૪ રાજાએ તેને પૂછ્યું, "હે સુંદરી, તું કોણ છે? અને જંગલમાં એકલી શા માટે રહે છે?" તેને હિંમત આવી અને કહ્યું, "તમારે મને આ મ્હેલમાં લગ્નાસન ઉપર પરણવું પડશે. પછી હું તમને વિસ્તારથી મ્હારી વાત કહીશ." આથી આનંદ પામીને રાજાએ મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે લગ્નાસન પાસે મહાવીર સ્વામીનું મંદિર જોયું. અને તેને વંદન કરીને તેની સાથે ગંધર્વ લગ્ન કર્યાં. તેઓ શયનાલયમાં સુતાં. રાત્રિ વીતી ગઈ. સવારે બન્ને જણાં મહાવીર સ્વામીને પગે પડયાં. રાજા ગાદીએ બેઠો અને તે તેની બાજુએ બેઠી. તેણે કહ્યું, "હે વહાલા, મ્હારી હકીકત સાંભળો.

૫ "આજ ભારત દેશમાં ખિઈપઈટ્ઠિય નામનું નગર હતું. ત્યાં જિયસત્તુ રાજા હતો. એક વખત રાજાએ ચિત્રગૃહનો પ્રારંભ કર્યો. અને સરખે ભાગે ચિત્રકારોને તે સોંપ્યું. ઘણા ચિત્રકારોએ તે ચીતર્યું. ચિત્તંગય નામના એક ઘરડા ચિત્રકારે પણ ચીતર્યું. લાંબો સમય વિતિ ગયો. અને તેની દીકરી કણયમંજરી જે પૂર્ણ યુવાન હતી, તે તેનું ખાવાનું લાવતી. એક વખત તે ખાવાનું લઈને પોતાના બાપ પાસે આવવા નીકળી. જેવી તે લોકોની ભીડવાળા મુખ્ય રસ્તા ઉપર આવી, તે વખતે એક પૂરપાટ ઘોડા દોડાવતો ઘોડેસ્વાર આવતો હતો. તે એકદમ બ્હીક પામી દોડી ગઈ પછી તેના પસાર થઇ ગયા પછી તેના બાપ પાસે ગઇ. 'ખાવાનું આવ્યું છે' એવું જોઈને ચિત્તંગય દિશાએ ગયો.

૬ "મજા ખાતર લાદી ઉપર કણયમંજરીએ આબેહુબ મોરનું પીછું ચીતર્યું. આ દરમિઆન જિયસત્તુ રાજા પણ ચિત્રગૃહમાં આવ્યો.

ચિત્ર જોતાં તેણે પેલું જમીન ઉપર મોરનું પીછું જોયું. 'સુંદર છે' એમ વિચારીને તેણે તે લેવા હાથ લાંબો કર્યો. તેના સુંદર નખ તૂટી પડ્યા. અને ચાટ પડીને તે ચારે બાજુ જોવા લાગ્યો કણય-મંજરીએ હસતાં હસતાં કહ્યું, 'ખુરસી ત્રણ પગ ઉપર નથી હોતી. તેથી હું ચોથો મૂર્ખ માણસ જોતી હતી. હવે મને ચોથા પગ તરીકે તમે જડ્યા છો' રાજાએ કહ્યું 'કેવી રીતે મને સત્ય કહે.'

૭ "તે હસી, અને બોલી, "જ્યારે હું મ્હારા પિતા માટે ખાવાનું લાવતી હતી ત્યારે એક માણસ મુખ્ય રસ્તા ઉપરથી પુરપાટ ઘોડો ચલાવતો જતો હતો, તેને જરા પણ દયા ન હતી, કારણ વૃદ્ધ, બાળકો, સ્ત્રીઓ, અને બીજાં નબળાં માણસો જે મુખ્ય રસ્તા ઉપરથી જતાં હતાં તે બધાં હેરાન થતાં હતાં. માટે ઘોડેસ્વાર મોટો મૂર્ખો હોઇને ખુરસીનો એક પગ છે. જે રાજાએ આખાં ગૃહને ચિતારાઓ વચ્ચે સરખે ભાગે વહેંચી આપ્યું છે તે બીજો પગ છે. દરેક કુટુંબમાં ઘણાં ચિત્રકારો હોય છે. મારા પિતા એક તો અપૂત્ર છે, બીજા વૃદ્ધ છે, અને ત્રીજા ગરીબ છે. તે આવા છે. છતાં પણ તેને સરખોજ ભાગ આવ્યો છે. અને ત્રીજો પગ મારા પિતાજ છે જેણે પોતે આગળ મેળવ્યું છે તે બધું ચિત્રગૃહ ચિતરતા પહેલાં બધું વાપરી નાખ્યું છે. હું તેને માટે કંઇ કંઇ ખોરાક લાવું છું, ત્યારે તે દિશાએ જાય તે કેવા મૂર્ખ માણસ છે ? રાજાએ કહ્યું 'હું ચોથો પગ કેમ ?' ત્યારે તેણે કહ્યું 'દરેક જાણ જાણે છે કે અહીંઆ ખરેખર મોર ક્યાંથી આવી શકે ? કોઇ પણ ઉપાયે જો તે અહિં લવાયો હોય તો પણ આંખોવડે જોવાયો તો હોયજ. રાજાએ કહ્યું 'ખરેખર, હું મૂર્ખો છું. અને ખુરસીનો ચોથો પગ છું.'

૮ "તેની વાણીની વિચક્ષણતા સાંભળીને અને તેનું સૌંદર્ય જોઇને રાજાને તેના પ્રત્યે પ્રેમ થયો. કણયમંજરી તો પોતાના બાપને જમાડી ઘેર ગઇ.

૯ "સીગુત્ત પ્રધાનના મુખેથી રાજાએ કયણમંજરી માટે ચિત્તંગયને પૂછ્યું. તેણે કહ્યું 'અમે ગરીબ છીએ. અને લગ્નની મંગળ ક્રિયા

અમે રાજાના માન જેવી ક્યાંથી કરીએ?' રાજાને કહેવામાં આવ્યું અને તેણે ચિત્તંગયનું ઘર ધન ધાન્ય અને સોના વડે ભરી દીધું. મંગળ દિવસે તે ખૂબ ભપકાથી કયણમંજરિને પરણ્યો. તેને એક મહેલ અને દાસીઓની મોટી મંડળિ આપવામાં આવી.

૧૦ "રાજાને ઘણી રાણીઓ હતી. રાત્રિએ તેઓ રાજાના શયનાલયમાં એક પછી એક જતી. અને તે દિવસે કયણમંજરીને આજ્ઞા કરવામાં આવી. ખૂબ શણગારીને મયણીયા નામની ચાકરડી સાથે તે ગઈ, આસન ઉપર બેઠી. દરમિઅ.ન બીજાં વિનયકર્મો કરવામાં આવ્યાં. રાજા પથારી ઉપર બેઠો.

૧૧ "હવે કયણમંજરિએ મયણિયાને કયારનું કહ્યું હતું, 'રાજા જ્યારે બેસે ત્યારે તું મને રાજા સાંભળે તેવી વાર્તા કરવાનું કહેજે.' આથી યોગ્ય વખતે મયણિયાયે કહ્યું, 'હે સ્વામિની, રાજા જ્યાંસુધી ઉંઘી જાય ત્યાંસુધી મને એક વાર્તા કહો.' ત્યારે તેણે કહ્યું 'હે મયિણી, પહેલાં રાજા ઘસઘસાટ ઉંઘી જાય, પછી હું તને વાર્તા કહીશ.' રાજાએ વિચાર્યું, 'કેવા પ્રકારની તે વાર્તા કહેશે? હું પણ તે સાંભળીશ.' તેથી તેણે સુવાનો ઢોંગ કર્યો. મયિણીઆએ કહ્યું, 'હે સ્વામિની! રાજા ઉંઘે છે, મને વાર્તા કહો.'

૧૨ "ત્યારે પેલીએ કહ્યું, 'સાંભળ. વસંતપુર નામનાં નગરમાં વરૂણ નામનો વેપારી રહેતો હતો. તેણે એક હાથના પ્રમાણવાળું, એકજ પત્થરનું એક મંદિર બંધાવ્યું. તેણે તેમાં ચાર હાથ પ્રમાણવાળા દેવતા પધરાવ્યા.' મયણિઆએ કહ્યું, 'હે સ્વામિની, એક હાથ પ્રમાણવાળાં મંદિરમાં ચાર હાથવાળા દેવતા કેવી રીતે રહી શકે?' ત્યારે તેણે કહ્યું 'મને હવે ઉંઘ આવે છે, હું આવતી કાલે કહીશ.' ભલે એમ થાય એમ કહી મયણિયા પાછી ફરી પોતાને ઘેર ગઈ. રાજાને કૌતુક થયું કે 'આ કેવી જાતનું!' પેલી તો સુવા લાગી. બીજે દિવસે વળી તેનોજ વારો આવ્યો. અને મયિણીઆએ પહેલાંની માફકજ કહ્યું. 'હે સ્વામિની, મને પેલી અધુરી વાત કહો.' ત્યારે

પેલીએ કહ્યું 'પેલા દેવતાના તો ચાર હાથ હતા તે માત્ર કંઈ પ્રમાણ ન હતું. બસ આટલીજ વાત છે.'

૧૩ "મયણીઆએ કહ્યું 'મને બીજી વાત કહો.' કયણમંજરીએ કહ્યું 'હે સખી ! એક જંગલ હતું. ત્યાં ડાળીઓ અને ડાખળીઓથી ફેલાએલું મોટું લાલ અશોકનું વૃક્ષ હતું. અને તેની છાયા મુદ્દલ ન હતી.' મયણીઆએ કહ્યું, 'આવડું મોટું ઝાડ અને છાયા વિનાનું કેમ ?' તેણે કહ્યું 'અત્યારે મને ઉંઘ આવે છે, હું આવતી કાલે કહીશ.' ત્રીજે દિવસે પણ કુતુહલથી તેનોજ વારો અવરાવ્યો. અને પહેલાનીજ પેઠે મયણીઆએ તેને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું, 'તે ઝાડની નીચે છાયા હતી પણ ઉપર છાયા ન હતી.'

૧૪ "બીજી વાતનું જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું. 'કોઈ એક ગામમાં એક ગામનો મોટો માણસ હતો. તેની પાસે એક મોટો ઉંટ હતો. તે સ્વેચ્છાથી આમતેમ ફરતો. એક દિવસ ફરતાં ફરતાં પાંદડાં, ફૂલ અને ફળવાળું બબ્બુલ ઝાડ જોયું અને તેની પાસે તેણે પોતાની ડોક લંબાવી પણ પહોંચી શક્યો નહિ. અને આને માટે તેણે ઘણું કષ્ટ વેઠ્યું. હવે ચારેબાજુએ તેણે પોતાની ડોક સરખી રીતે હલાવી. છતાં પણ તે ન પહોંચી ત્યારે તે ઘણો ગુસ્સે થયો. અને તેના ઉપર તેણે મળમુત્ર કર્યાં.' મયણીઆએ પૂછ્યું 'જો તે તેને મોઢાવડે પણ ન પહોંચી શકે તો તેના ઉપર મળમુત્ર કેમ કરી શકે ?' પેલીએ કહ્યું 'હું આવતી કાલે કહીશ.' અને બીજે દિવસે પણ તેણે તેજ પ્રમાણે કહ્યું 'તે બબ્બુલ ઝાડ એક અદ્રશ્ય કુવાનાં પોલાણમાં હતું. તેથી તે ખાઈ શકવાને અશક્ત હતો.'

૧૫ "આમ અતિ આનંદદાયક વાર્તાઓ વડે કયણમંજરિએ રાજાને વિવ્હલ કરી દીધો. પછી તે તેના તરફ અત્યંત પ્રેમ કરવા લાગ્યો. તે તેની એકલાનીજ સાથે આનંદ કરતો વખત પસાર કરવા લાગ્યો કે પેલીની શોક્ય તેના તરફ ઇર્ષાળુ બની, અને તેના દોષો જોવા લાગી, તેઓ વાત કરવા લાગી 'અરે તેણે રાજાને વશીકરણ

વિદ્યાથી વશ કરી લીધો છે, અને તેથી તેણે આપણે જે ઉચ્ચકુળની રાણીઓ છીએ તેને તજી છે. આ શીલ્પીની છોકરીને વશ થઈ, તે ગુણદોષ વિચારતા નથી, રાજ્યધર્મ જોતા નથી, અને પેલીનાં કપટયુક્ત કર્મોથી ધન હણાઈ જાય છે તે જોતા નથી.'

૧૬ "હવે દરેક બપોરે કચણમંજરિ એકલી ઉપરના ઓરડામાં જતી અને રાજાએ આપેલાં વસ્ત્રો તથા ઘરેણાં ઉતારી તે પોતાનાં પિતાનાં ઘરનાં પતરાનાં ઘરેણાં અને ચીથરાં જેવાં વસ્ત્ર પહેરતી, અને આત્માને સંબોધતી: 'હે આત્મા! આ વૈભવથી તું ગર્વિષ્ઠ ન બન પોતાની જાતને ભૂલ નહિ. આ વૈભવ રાજાનો છે. માત્ર આ ફાટયાંતૂટયાં વસ્ત્ર અને ઘરેણાં ત્હારાં છે માટે મન શાંત રાખ કારણ ઘણા લાંબા સમય સુધી ત્હેં ભોગ ભોગવ્યા નથી. નહિતર રાજા તને ગરદનથી પકડી કાઢી પણ મૂકે.'

૧૭ "અને દરરોજ તેનું આવું કૃત્ય જોઈને તેની શોક્યોએ રાજાને કહ્યું 'જો કે તમે અમને પ્રેમ નથી કરતા, તો પણ અમે તમારૂં દુઃખ દૂર કરીશું. કારણ પતિ એ સ્ત્રીઓના દેવતા છે, આ તમારી અતિ વ્હાલી સ્ત્રી, કંઈ જાદૂ કે દુષ્ટ વાસનાઓ કરે છે. અને તેનાથી વશ થઈ તમે આ ભય પણ જાણતા નથી.' 'રાજાએ પૂછયું, કેમ?' તેઓએ કહ્યું 'દરરોજ બપોરે તે ઉપલા ઓરડામાં જાય છે, બારણાં બંધ કરે છે, અને કંઈ બબડતી બબડતી થોડો વખત તેમાં રહે છે. જો તમે આ ન માનતા હો તો કોઈ તમારા વિશ્વાસપાત્ર માણસદ્વારા જુઓ.'

૧૮ "આવું સાંભળીને કચણમંજરી જે ઉપલા ઓરડામાં ગઈ હતી તેને જોવા રાજા જાતે ગયો. બારણા પાસે ઉભા રહીને પહેલાં કહ્યું તેવું તેનું કૃત્ય જોયું અને તેવું ઉદ્‌બોધન સાંભળ્યું. તે મનમાં ખુશ થયો. 'શું તેની બુદ્ધિની હોશિઆરી છે! શું તેનાં અભિમાનનો ત્યાગ છે! શું તેની ઉદાસિનતા છે! માટે તેજ ખરેખર ગુણનો ભંડાર છે, અને પેલી તેની શોક્ય હોવાને લીધે ઇર્ષ્યા કરે છે. કારણ

કે ગુણને પણ તેઓ દોષ ગણે છે. આથી ખૂશ થઈને તેને આખા રાજ્યની પટ્ટરાણી બનાવી અને તેને એક મુકુટ આપ્યો. આમ વખત વિતવા લાગ્યો. એક દિવસે રાજાએ અને કચણમંજરિએ વિમલચંદ આચાર્યની સમક્ષ શ્રાવકપદ સ્વીકાર્યું.

૧૯ "અને વખત જતાં મરણ પછી કચણમંજરી દેવી થઈને ત્યાંથી ચ્યુત થતાં દઢસત્તિ વિદ્યાધર રાજાની પુત્રિ તરીકે વેયઢ્ઢ પર્વત ઉપરના તોરણપુર નગરમાં જન્મી. તેનું નામ કણયમાલા પાડવામાં આવ્યું. યોગ્ય સમયે તેણે ભરયૌવનમાં પ્રવેશ કર્યો. એક દિવસે વાસવ નામના ખેચર દેવતા જેનું મન તેના સૌંદર્યથી વિહ્વળ થયું હતું તે તેને લઈ ગયો. તેણે પર્વત ઉપર એક મહેલ બનાવ્યો, અને તેમાં તેને રાખી. તેણે ત્યાં લગ્નાસન બનાવ્યું અને વિચાર્યું, 'ખરેખર હું તેને અહીંયા પરણીશ.' આ દરમિઆન કણયમાલાનો મોટો ભાઈ કણયતેય આવી પહોંચ્યો. ક્રોધાગ્નિથી બળતાં બળતાં યુદ્ધમાં બંને જણ એકેએકને હાથે ફટકાથી મરણ પામ્યા. અને પોતાના ભાઈના પુષ્કળ શોકથી વિલાપ કરતી કણયમાલા ખરાબ મનની સ્થિતિમાં મહેલમાં રહેવા લાગી. એક દિવસે વાણમંતર નામના દેવ ત્યાં આવ્યા. તેણે પ્રેમથી કહ્યું, 'હે બેટી, તું મારી પુત્રી છે.' તે દેવે આટલું કહ્યું હશે તેટલામાં દઢસતિ વિદ્યાધર પોતાના પુત્ર પુત્રીની શોધમાં ત્યાં આવ્યો. પોતાની શક્તિ વડે વંતરે કણયમાલાનું સ્વરૂપ બદલી નાખ્યું. તેનાં પુત્ર પુત્રી અને વાસવના સહિત મરણનું રૂપ ધારણ કરીને જમીન પર પોતાને જણાયાં. આવું જોઈને દઢસત્તિએ વિચાર્યું 'આ મારો પુત્ર વાસવથી મરાયો, અને મરતાં મરતાં વાસવે કણયમાલાનો નાશ કર્યો લાગે છે. માટે અસંખ્ય દુઃખોથી ભરેલા સંસાર ઉપર ધિક્કાર હો! કોણ ડાહ્યો માણસ તેમાં આનંદ લે?' આમ વિચારીને તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને દીક્ષા લીધી. પછી વંતરે પોતાની માયાજાળ ખેંચી લીધી. કણયમાલા અને દેવતાએ તેને વંદન કર્યાં. તપસ્વી

બોલ્યા, 'આવું કેમ?' કણયમાલાએ પોતાના ભાઈની વાત કહી. તપસ્વીએ કહ્યું, 'મ્હેં ત્રણ મરેલાં શરીર જોયા. દેવે કહ્યું, 'શા માટે?'

૨૦ "દેવતાએ કહ્યું, "આ રહ્યું તેનું કારણ. ખિઈપિછટ્ટ નગરમાં જિયસત્તુ નામનો રાજા હતો. તે ચિત્તંગય નામના ચિતારાની કયણમંજરીની કન્યાને પરણ્યો હતો. પણ તે શ્રાવિકા થઈ ગઈ. તેણે ચિત્તંગયને પંચનમસ્કારથી મુક્તિ અપાવી, મરણ પછી વંતર નામના દેવ તરીકે જન્મ્યો તે હું છું. એક દિવસે હું અહિંયા આવ્યો હતો ત્યારે મ્હેં કણયમાલાને શોકાતુર જોઈ. મ્હારામાં તેને માટે ગાઢ ઉમળકો ઉભરાઈ આવ્યો. અને મ્હેં વિચાર્યું 'શું તે મારી પૂર્વ ભવની કંઇ સગી હશે?' આથી મેં મારૂં અવધિ જ્ઞાન વાપર્યું. મેં જાણ્યું 'આ મારી પુત્રી કયણમંજરી છે. મરણ પછી તે ખેચરની પુત્રી થઈ છે.' આ દરમિઆન તમે આવ્યા. મેં વિચાર્યું 'આ તેના પિતા સાથે જશે.' તેથી તેના વિયોગનો ડર લાગવાથી તેને માયાથી જુદું સ્વરૂપ આપ્યું હતું. અને તેનું શરિર મૃત લાગતું હતું. હવે તમે દીક્ષા લો છો તેથી મને ઘણું દુઃખ થાય છે કે, 'અહા! મેં આવા ઉત્તમ પુરૂષને છેતર્યા છે. માટે મારા દુષ્ટ કાર્યની તમે ક્ષમા આપો,' ત્યારે મુનિએ કહ્યું 'મને ધર્મ બતાવનારા તમે તો મારા કલ્યાણકારી છો.' તે ગયા અને સ્વેચ્છાથી ફરવા લાગ્યા. કયણમાલા જ્યારે દેવતાએ કરેલી વાત વિચારતી હતી તે વખતે તેનો ગત જન્મ સાંભરી આવ્યો કે 'હું તે કયણમંજરી છું અને મ્હારા પિતા દેવતા થઇ ગયા છે.' આથી અતિપ્રેમથી તેણે દેવને કહ્યું 'હે પિતાજી મ્હારા પતિ કોણ થશે.?' પોતાના અવધિ જ્ઞાનથી જોઇને દેવતાએ કહ્યું 'હે પુત્રિ ગત જન્મનો ત્હારો પતિ, રાજા જિયસત્તુ દેવ થયા પછી દઢસત્તિ રાજાના પુત્ર સિંહરહ તરીકે જન્મ્યો છે. તે તારો પતિ થશે.' તેણે કહ્યું 'તેનો મેળાપ કેમ થશે?' દેવે કહ્યું 'તે પણ ઉંધા શિક્ષણ પામેલા ઘોડાથી

અહીં આવશે. માટે ચિંતા ન કર અને ધીરજ ધર. હું અહિંયા તું કહીશ તે પ્રમાણે કરતો રહીશ.' અને તે દેવ આજ મહેલમાં રહ્યા. કચણમાલા પોતાનો સમય દેવતાઓ સાથે સુખમાં પસાર કરવા લાગી. હે મ્હારા ઉત્તમ પતિ હું તેજ છું. ગઈ કાલે પેલા દેવ મંદિરના વંદન માટે મેરૂ પર્વત ઉપર ગયા છે. દરમિયાન બપોરે તમે અહીં આવ્યા છે. અને અતિ આતુર સેવી હું તેના આવવાની રાહ જોયા વિના તમને પરણી ચૂકી છું. તમે પૂછેલી મ્હારી હકીકત મ્હેં તમને કહી છે."

૨૧ આ હકીકત સાંભળીને રાજા સિંહરહને પણ ગત-જન્મનું સ્મરણ થયું. આ દરમ્યાન તે દેવતા પણ દેવીઓ સાથે આવી પહોંચ્યા. રાજાએ તેને વંદન કર્યાં આનંદિત થયેલા દેવ તેને ભેટ્યા, અને તે પણ આનંદ પામ્યો. યોગ્ય વાત કરતાં કરતાં મધ્યાન્હ થયો. રાજા અને રાણીએ દૈવી આહાર ખાધા આવી રીતે તે એક મહિનો રહ્યો. હવે રાજાએ કચણમાલાને કહ્યું, "હે વ્હાલી, દુશ્મનો મારાં રાજ્ય ઉપર હુમલો કરશે, માટે હું જઇશ મને અનુમતિ આપ." તેણે કહ્યું, "વ્હાલા, જેવી તમારી ઇચ્છા પણ તમારૂં નગર ઘણું દૂર છે, તો તમે ત્યાં ચાલતા કેમ જશો. માટે મારા તરફથી પન્નત્તીનો ઉચ્ચાર સ્વીકારશો." રાજાએ તે સ્વીકાર્યું, અને તેને જે રીતે શીખવાયું તે રીત શીખી લીધી. કણયમાલાને પૂછીને તે પોતાને નગર ગયો રાજાએ તેના ભાયાતો તથા સલાહકારોએ હકીકત પૂછી આખા નગરમાં મહા ઉત્સવ યોજવામાં આવ્યો. તેણે જે બન્યું હતું તે બધું કહ્યું. બધા આશ્ચર્ય પામ્યા. અને તેઓએ કહ્યું, "પરદેશમાં, જંગલમાં, સમુદ્રમાં જ્યાં જ્યાં ગુણવાન પુરુષ જાય છે ત્યાં તે સુખી છે. માટે તમે પણ ગુણવાન છો."

૨૨ આમ સમય વીતવા લાગ્યો. અને રાજા દર પાંચમે દિવસે પેલા પર્વત ઉપર જતો ત્યાં તે કેટલાક દિવસ સુધી કણયમાલા સાથે રહ્યો. લોકોએ કહ્યું, "રાજા તો પર્વત ઉપર જાય છે." દરમ્યાન

તે પર્વત તરફ જતો તેથી લોકોએ "નગ્ગઈ" (પર્વત તરફ જનાર) એવું રાજાનું નામ પાડ્યું.

૨૩ એક દિવસ રાજા નમી પર્વત ઉપર ગયો હતો. વાણુમંતરે તેને કહ્યું, "હું અહીં ઘણો વખત રહ્યો છું. હવે મને મારા પ્રભુ તરફથી આજ્ઞા મળી છે. તે મારે પાળવીજ પડશે. તેમાં ઘણો સમય વીતી જશે. અને આ કણુયમંજરી મારા વિયોગથી દુ:ખી થશે. તેથી તમે એમ કરજો કે તેને એકાન્ત ન લાગે." આવું કહીને દેવ ગયો.

૨૪ રાજાએ વિચાર્યું, "તેનાં મનના સંતોષ માટે બીજો કોઇ ઉપાય નથી." અને તે પર્વત ઉપર એક સુંદર શહેર બંધાવ્યું. ઘણીખરી પ્રજા ત્યાં લાલચથી લાવવામાં આવી. જિણિન્દનાં મંદીર ત્યાં બાંધવામાં આવ્યાં. તેમની પ્રતિમાઓ ત્યાં પધરાવવામાં આવી. અને તેણે ધાર્મિક ઉત્સવો ઉજવ્યા તે દરમ્યાન થોડો સમય વીતી ગયો.

૨૫ એક દિવસ જ્યારે તે ઉત્સવમાં ગયો હતો, ત્યારે તેણે સુગંધી આંબાનું વૃક્ષ જોયું. તેણે મંજરીનો એક ગુચ્છો તોડ્યો પછી આખાં સૈન્યે મંજરી, પાંદડાં, ડાંખળી, ફળ વગેરે તોડયાં તેથી તે ઉજ્જડ થઈ ગયો. જ્યારે રાજા પાછો ફર્યો ત્યારે તેણે પૂછ્યું, "આંબાનું વૃક્ષ ક્યાં છે?" પ્રધાનોએ તે બતાવ્યું. તેણે પૂછ્યું, "તેની આવી સ્થિતિ કેમ થઈ?" તેમણે કહ્યું, "તમે મંજરીનો એક ગુચ્છો તોડયો. પછી આખાં સૈન્યે તોડીને આ સ્થિતિ કરી નાંખી છે." તેણે વિચાર્યું," જ્યાં સુધી વૈભવ છે. ત્યાં સુધીજ સૌન્દર્ય છે, પણ દરેક સૌન્દર્ય નાશવંત છે," આમ વિચારતાં વિચારતાં તે સિદ્ધ થયો.

ત્યારે સુંદર અને રોચક મંજરી, ડાંખળી ફુલોથી ફાલેલાં આંબાના ઝાડને જોઈ ગાંધારના રાજાએ જે સંપત્તિ જોઈ તે સંપત્તિ જોઈ તે સંપત્તિ નહિં, પણ તેણે ધર્મનાં દર્શન કર્યાં હતાં.

૬૬

ઉપસંહાર

ચારે જણા આમ ફરતાં ફરતાં ખિઇપિઇટ્ટીય નગરમાં ગયા. ત્યાં ચાર દ્વારવાળાં મંદીરમાં કરકંડુ પૂર્વમાંથી આવ્યો અને દુમ્મુહુ દક્ષિણમાંથી આવ્યો. પેલા વાણમંતરે પણ 'હું મારૂં વદન તપસ્વીથી કેમ દૂર રાખું' તે વિચારીને દક્ષિણ તરફ ફર્યો. નમીએ પશ્ચિમ તરફથી પ્રવેશ કર્યો, ત્યારે પણ તેણે પોતાનો ચ્હેરો ફેરવી નાંખ્યો. નગ્ગઇએ ઉત્તરમાંથી પ્રવેશ કર્યો ત્યારે પણ તેણે પોતાનો ચ્હેરો ફેરવી નાંખ્યો. કરકંડુને બાલપણથીજ ખરજવું હતું. તેણે સળી લીધી, અને પોતાના કાનને ધીરેથી ખંજવાળવા લાગ્યો, અને તેને એક ઠેકાણે સંતાડી દીધી. દુમ્મુહે આ જોયું અને બોલ્યો, "રાજ્યવંશીઠાઠ, નગર, અંતઃપુર બધું તજ્યા પછી તમે આ શું સંગ્રહ કરો છો ?" જ્યારે કરકંડુએ કંઈ જવાબ ન આપ્યો, ત્યારે નમીએ કહ્યું, "જ્યારે તમારી પાસે પૂર્વજોનું રાજ્ય હતું ત્યારે ઘણા સેવકો હતા. તેમની સેવાઓ છોડી દીધા પછી તમે તમારા પોતાના સેવક બન્યા છો." ત્યારે ગાંધારના રાજાએ કહ્યું, "તમારી મુક્તિ શોધી, તમે મોક્ષ માટે બધું છોડી યત્ન કરો છો, તમે બીજાની શા માટે નિંદા કરો છો ?" ત્યારે કરકંડુએ કહ્યું, "હિંસક વસ્તુઓનો ત્યાગ કરીને જે બ્રહ્મચારી સાધુઓએ મુક્તિપથ સ્વીકાર્યો છે તેના દોષ બતાવવા તે તમારા માટે યોગ્ય નથી. બીજો ક્રોધાયમાન હોય યા નહિ, બદલામાં ઝેર આપે તોપણ પોતાની ઉત્તમતા સિદ્ધ કરતી કલ્યાણકારી વાણી બોલવી જોઇએ." તેઓએ કરકંડુનું સૂચન સ્વીકાર્યું. અને યોગ્ય સમયે ચારે જણા મોક્ષને પામ્યા.